" ॐ कुणवंतो विश्वमार्यम् "

ભૂકંપ...
કથા,
વ્યથા
અને કરૂણતા

(પ્રેમજી બી. કેશરાણી)

" ॐ कुणवंतो विश्वमार्यम् "

ભૂકંપ...
કથા,
વ્યથા
અને કરુણતા

(પ્રેમજી બી. કેશરાણી)

M/S. ADARSH CONTRACTS COMPANY

CONSULTING ENGINEERS & CONTRACTORS

Hires of Heavy Earth Moving Equipment & Earth Work

HEAD OFFICE :
Mankuva - Bhuj, (Kutch) - 370 030.
Phone : (O) 75358 (R) 75258

Ref. No. :

Date : 20-2-2003

પ્રતિશ્રી,
માનનીય મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

વિષય :- રૂબરૂ મુલાકાત આપવા અંગે.

નમસ્તે, સાદર નમસ્કાર,

સવિનય સાથે ઉપરોક્ત વિષયનાં અનુસંધાને જણાવવાનું કે અમો **આદર્શ કોન્ટ્રેક્ટ કંપની** નાં કચ્છ મધ્યે કામોની રજુઆત કરવા યોગ્ય સમય ફાળવવા અંગે નમ્ર વિનંતી.

સહકારની અપેક્ષા સાથે,
આપનો વિશ્વાસુ,

(પ્રેમજીભાઈ બી. કેશરાણી)
(માનકુવા-કચ્છ)

M/S. ADARSH CONTRACTS COMPANY

CONSULTING ENGINEERS & CONTRACTORS

Hires of Heavy Earth Moving Equipment & Earth Work

HEAD OFFICE :
Mankuva - Bhuj, (Kutch) - 370 030.
Phone : (O) 75358 (R) 75258

Ref. No. :

Date : ૨૮-૨-૨૦૦૨

કચ્છ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારનાં માસ ડીસેમ્બર, ૨૦૦૧ દરમ્યાન કાટમાળ ખસેડવાની કામગીરી બાબતે સવિસ્તાર માહિતી

અનુક્રમણિકા

(૧) મુખ્યમંત્રીશ્રીને રજુઆતની અરજી.
(૨) ૨૨-૧૧-૨૦૦૧ ગુજરાત સરકાર મહેસુલ વિભાગના ઠરાવની નકલ.
(૩) ઠરાવને આધારે ડી.ડી.ઓ. ને આપેલ ઓફરની નકલ.
(૪) જીલ્લા વિકાસ અધિકારી દ્વારા બહાર પાડેલ પરિપત્રની નકલ.
(૫) જીલ્લા વિકાસ અધિકારી દ્વારા તાલુકા વિકાસ અધિકારીને પાઠવેલ પત્રની નકલ.
ભૂકંપ દરમ્યાન અમારી કંપનીએ વિના મુલ્યે કરેલ રાહત કામગીરીનાં પ્રમાણપત્ર સાથે આધારો.
(અ) જી.એમ.ડી.સી. પાઠવેલ વર્ક ઓર્ડર
(બ) જી.એમ.ડી.સી. તરફથી આપેલ પ્રમાણપત્રની નકલ.
(ક) સર્વ સેવા સંઘ (કચ્છ) ભૂજ તથા જન્મભૂમિ રાહત નિધિ તરફથી આપેલ પ્રમાણપત્ર
(ખ) આર્મી તરફથી ભૂજની મુખ્ય બિલ્ડીંગો વિના મુલ્યે ઉપાડી તેનું આભાર માનતો પ્રમાણપત્ર.
(ગ) ભારત-પાકીસ્તાનની સરહદ ઉપર મશીનરી તથા સ્ટાફને વિના વળતરે મોકલાવેલ તેનું પ્રમાણપત્ર.
(૬) ભૂજ તાલુકાનાં અમોએ ટોટલ જી. પં. નાં ૧૫૭૪૩ મકાનમાંથી ૧૨૮૩૭ મકાનનો કાટમાળ ઉપાડેલ છે તે બાબત દર્શાવતો તાલુકા વિકાસ અધિકારી દ્વારા એમોને પાઠવેલ પત્રની નકલ. તથા જી. પં.નાં ટોટલ મકાનોની સંખ્યાનું લીસ્ટ.
(૭) અમોએ ઉપરોક્ત પત્રનો આપેલ જવાબની નકલ.

તારણ

(૧) ૨૧-૧૧-૨૦૦૧નાં જી.આર. પ્રમાણે કાટમાળ પડેલ હતો.
(૨) ૩-૧૨-૨૦૦૧ થી ૩૧-૧૨-૨૦૦૧ સુધી થયેલ કાટમાળ ખસેડવાની કામગીરી કારણે કાટમાળ દૂર કરવામાં આવેલ છે.
(૩) હાલમાં કોઈ ગામમાં કાટમાળ પડેલ નથી.
(૪) તપાસ સ્ટેટમેન્ટ લઈને થાય છે કરેલ કામની ભૌતિકતા ઉપર થતી નથી.
(૫) તપાસમાં કેટલા મકાનનો કાટમાળ ઉપાડવાનો બાકી છે તે દર્શાવવામાં આવતું નથી. તેમજ તેની જાત તપાસ થતી નથી.

"ॐ कुणवंतो विश्वमार्यम् "

પ્રેમજી બી. કેશરાણી
આદર્શ કોન્ટ્રેક્શ લી.
માનકુવા (કચ્છ)
તા.૧૫-૧૦-૨૦૦૩.

પ્રતિ,
આદરણીય મુખ્યમંત્રીશ્રી,
નરેન્દ્રભાઈ મોદી,
ગુજરાત રાજ્ય,

નમસ્કાર,
વડીલશ્રી,
કુશળ હશો.

આશરે પચ્ચીસો વર્ષ પહેલાં ચાણકયએ,સ્વતંત્રતા ચળવળમાં સરદાર વલ્લભભાઈ પટેલે અને ૧૯૭૧ના ભારત પાકિસ્તાન યુદ્ધ વખતે ૯૩ હજાર પાકિસ્તાની સૈનિકોને બંદી બનાવનાર ભારતીય સેનાના જનરલ શ્રી જગજિતસિંહ અરોડા બાદ આપશ્રીએ ભારતને વીર ભારત, દિવ્યભારત, મહાભારત, અખંડભારત બનાવવા આપ સુજ્ઞ દષ્ટા થઈ રાષ્ટ્રગૌરવ અપાવ્યું છે. ગુજરાતને આગવું ગુજરાત બનાવવા આપે જે કમર કસી છે તે સરાહનીય છે. આપ મારા તેમજ સૌ રાષ્ટ્ર ભકતોના પ્રેરણા સ્રોત છો. આપના પથ ઉપર ચાલવા આજનો દરેક યુવા થનગની રહ્યો છે.

આ પત્ર સાથે મે મારી કેટલીક નક્કર સત્ય હકીકતો આપશ્રી સમક્ષ રજૂ કરેલ છે. તેનો આપ વિગતવાર અભ્યાસ કરશોતો આપ મારા વ્યકિતત્વ થી પરિચિત થઈ શકશો મારા માટે જે કાંઈ અવઢવ હોય તે દૂર કરવા આ સ્થાનેથી મે પ્રયત્ન કરેલ છે. તમને જરૂર લાગશે તો હું આપશ્રી સમક્ષ રૂબરૂ આવી ને મારા ખુલાસા દર્શાવીશ.

આપ મને આપનો અદનો માનવી સમજી ન્યાય આપવા મહેરબાની કરશોજી.
આપના સતત હુફનો અભિલાષી.

આપનો આજ્ઞાંકિત
(signature)
(પ્રેમજી બી. કેશરાણી)

આરોપ સામે કેટલીક વાસ્તવિકતા

હું, પ્રેમજીભાઇ કેશરાણી, આદર્શ કોન્ટ્રેકસ કંપનીના માલિક તરીકે આપશ્રી સમક્ષ મારી સામે જે આક્ષેપ રાષ્ટ્રદ્રોહ અંગેનો મુકવામાં આવેલ છે, તેની સામે મેં મારા સમયકાળ દરમ્યાન કરેલ કેટલાક રાષ્ટ્રવિકાસ, સામાજિક ઉત્થાન, રાજકીય, ધાર્મિક શેક્ષણિક અંગેની વાસ્તવિકતા રજુ કરું છું. જે આપ વાંચી વિચારી આરોપનો યોગ્ય ઉકેલ કરવા મહેરબાની કરશોજી.

વ્યવસાયની શરૂઆત અને પ્રગતિનો અહેવાલઃ૧૯૮૫માં જનરલ કોન્ટ્રેકસ કંપનીમાં નોકરી મજૂર તરીકે કરી એજ કંપનીમાં સુપરવાઇઝર, ફોરમેન, પરચેસર, પ્રોજેકટ મેનેજર તથા તેમનીજ ગૌરવ કંન્ટ્રકશન કંપનીમાં ભાગીદાર તરીકેનું કામ ૧૯૯૪ સુધી કર્યુ. આ નવ વર્ષના સમયગાળા દરમ્યાન મેં જે ખંતથી કામ કરેલ રાત દિવસ જોયા વિના ખૂબજ મહેનત કરેલ, તેનું આ પરિણામ હતું.

૧૯૯૪ બાદ તેમના ભાઇઓના વિભાજનને કારણે મેં મારી અલગ કંપની આદર્શ કોન્ટ્રેકસ કંપની માનકુવામાં શરૂ કરી સૌ પ્રથમ ડભોઇ તાલુકાના નર્મદા માઇનોર કેનાલ બ્લોક નં ૩ એ (Essar Project Ltd.) તથા બ્લોક-૩ બી (Vijay onstruction Co.) માં પેટા કોન્ટ્રાકટર તરીકે કામ કર્યુ. બ્લોક નં.૩ એ નું કામ મારા પહેલા ચાર પેટા કોન્ટ્રાકટરો પુરુ કરી શકયા ન હતા કારણકે નર્મદા બચાવો આંદોલનના સમર્થકોએ ત્યાં જે ટેન્ટ બાંધવામાં તથા મશીનરી ચલાવવામાં આવતી તેને નુકશાન કરતા જમીન ન આપતા હોંવાથી કોન્ટ્રાકટરોને ભાગવું પડેલ આ પરિસ્થિતિમાં મેં અગાઉના કોન્ટ્રાકટરના ભાવેજ આ કામ ટુકાગાળામાં સુંદર રીતે પૂર્ણ કર્યુ. કામગીરી સાથે ત્યાંના સ્થાનિક લોકો સાથે રહી વ્યસન મુકિત અંધશ્રધ્ધાને દુર કરવા તથા બેકાર યુવાનોને કામ કરવા પ્રેર્યા.

ઉપરોકત બંન્ને કામ પુરા થતાં કડી કલોલ ખાતે ફેબ્રુ. ૯૫ માં ગાયત્રી પ્રોજેકટ લી. ના પેકેજ-૧૦ નું માટીકામ ચાલુ કરી સારી રીતે ઝડપથી પૂર્ણ કરેલ જ્યાં મુખ્ય એજન્સીનો સાઈટ કેમ્પ પણ રાખવામાં આવ્યો ન હતો. આ સ્થળે પણ સામાજિક દુષણો દુર કરવા મારાથી બનતા પ્રયાસો મેં કરેલ.

આ સાથે પેકેજ-૯ હરિશ્ચન્દ્ર ઈન્ડીયા પ્રા.લી નં તથા ખોડીયાર જાસપુર રેલ્વે ડાયવર્ઝનનું માટીકામ પણ કરેલ. આ કામ દરમિયાન ગાંધીનગરથી સરદાર સરોવર નર્મદા નિગમ લી. ના ડાયરેકટરશ્રી જી.ડી. પટેલ સાહેબ તથા ચીફ ઈજનેર શ્રી આર.ડી. સોની સાહેબ અને સુપ્રિટેન્ડીંગ ઈજનેર શ્રી કે. પી. પટેલ સાહેબ નર્મદા કેનાલની વીઝીટ ઉપર આવ્યા ત્યારે મારા કેમ્પ ઉપર આવેલ. તેઓએ મારી કામની સરાહના કરી મને ગાયત્રી પ્રોજેકટ લી. ના અન્ય કપડવંજ ખાતેના પેકેજ-૩ અને ૫ ના કામ કરવા આગ્રહ કરતાં જણાવેલ કે ગાયત્રી પ્રોજેકટસના કામની મંદગતિના કારણે પેકેજ-૫ નો અડધો હિસ્સો સરકારે પાછો લઈ લીધેલ છે. અને તેને રિટેન્ડર કરેલ જેનો ભાવ ખુબજ ઉંચો આવેલ છે. તેથી ગાયત્રીનું બાકીનું કામ સરકારશ્રી પાછુ ન લે અને રિટેન્ડરમાં સરકારને ઉંચા ભાવ ન આપવા પડે તે માટે મને આગ્રહ સાથે દબાણ કરવામાં આવેલ જે મે જવાબદારી લઈ શરૂ કરી દીધેલ. જેમાં મશીનરી મારી તથા બહારની ભાડે રાખેલ. આ કામ દરમ્યાન મને પેકેજ-૨ તથા ૪ નું કામ કરનાર એજન્સીના દબાણ કરતા તથા હાલના મારા ભાવ કરતાં દોઢા ભાવ આપવાનું જણાવતાં છતાં મે તે કામ ન સ્વીકારેલ કારણ કે જો હું પેકેજ ૩ અને ૫ નું કામ છોડી દઉ તો સરકારને તે રિટેન્ડર કરવા પડે અથવા બાજુના પેકેજના ભાવે તે કંપનીઓને કામ આપવું પડે જેમાં સરકારને ખર્ચ વધુ કરવું પડે તેમ હતું. છતાં મે આવકને ધ્યાનમાં ન લેતાં ગાયત્રી પ્રોજેકટના બહું નીચા ભાવે કામ કરેલ કામ જ્યારે ચાલું હતું ત્યારે ૧૯૯૭ના ચોમાસામાં ખેડા જિલ્લામાં પુર આવવાના કારણે સિંકદર પોરડાના તળાવનું

પાણી તથા કાદવ કેનાલમાં ભરાઇ ગયેલ જેના કારણે ચોમાસા બાદ કામ કરવું ખુબજ કઠીન હતું. પરંતુ સરકારની યોજના મુજબ સૌરાષ્ટ્રમાં વારંવાર દુષ્કાળની પરિસ્થિતિ થતી હોવાથી ત્યાં પીવાનું પાણી પહોચાડવું અનિવાર્ય હોવાથી સરકારનો ખુબજ આગ્રહ હોવાથી અમોએ વિકટ પરિસ્થિતિમાં પૂર જોશમાં કામ આગળ ધપાવેલ મોટાભાગનું કામ પૂર્ણતાને આરે લઇ ગયા તેજ સમય દરમ્યાન કપડવંજમાં તૈયબપુરા વિસ્તારમાં રહેતા તથા આસપાસના મોરે સલામના ૧૫૦ પરિવારોને ઇસ્લામમાંથી પુન: હિન્દુ બનાવવાનો મેં વિશ્વ હિન્દુ પરિષદના બેનર હેઠળ કાર્યક્રમ કર્યો જેના પરિણામે ગાયત્રી પ્રોજેકટ લી. ના કટ્ટર મુસ્લીમ પંથી Executive Director શ્રી એમ. એ. મનન તથા પ્રોજેકટ મેનેજર શ્રી હકીમે આ બાબતની જાણ એજ વિસ્તારમાં રહેતા હોવાથી થયેલ જેને કારણે મને તેઓએ મારા કામના નાણાં રોકી દીધેલ જે આજદિન સુધી મળેલ નથી. મેં આની ફીરયાદ નર્મદા નિગમના ઉપલા અધિકારીઓ તથા મંત્રીશ્રી,સ્થાનિક ધારાસભ્યશ્રીને કરેલ તેમજ મુખ્યમંત્રીશ્રીના અંગતમદદનીશ શ્રી અમૃતભાઇ પટેલને કરેલ. જેઓએ ગાયત્રી પ્રોજેકટસના માલિકને આ બાબતે ફોન ઉપર વાતચીત કરેલ, તો તેઓએ બે ત્રણ દિવસમાં રૂબરૂ આવી પતાવટ કરી જવા જણાવેલ તેઓ એક સપ્તાહ બાદ ગાંધીનગર આવી બધા ઓફીસરોને રૂબરૂ મળેલ. ત્યારબાદ રૂબરૂ મળ્યા ત્યારે જણાવેલ કે તમારા મુખ્યમંત્રી તથા ડૉ.પ્રવિણભાઇ મારુ કશું બગાડી શકશે નહી તમારાથી થાય તે કરી લેજો. આ સાંભળી હું સ્તબ્ધ થઇ ગયેલો તેઓના ગયા બાદ હું જે ઓફીસરોને રૂબરૂ મળ્યો તેઓ બધાનું મારા માટે વલણ બદલાઇ ગયેલ. આમ તેઓ રૂબરૂ આવી શું સમજાવી ગયા ? અથવા તો કેવી પતાવટ કરી ગયા ? તે મને સમજાયું નહી એટલું જ નહી આ ચુકવણીન થતાં મારી આર્થિક પરિસ્થિતિ ખુબજ વિકટ થઇ ગયેલ મે જે મશીનરી બેંકમાંથી ખરીદેલ તેના હપ્તા હું ભરી

શકું તેમ ન હોવાથી આખરે મારે મશીનરી વેચવી પડી અને હું પાયમાલ થઇ ગયેલ તેમ છતાં મારી નીતિ સારી હોવાથી હું આ કામ છોડી અન્ય સ્થળે કામ કરવા જતો રહેલ.

ગાયત્રી પ્રોજેકટના આ કામમાં ઘણી ગેરરીતીઓ થયેલ છે. જેવી કે મારા કામમાં મને આપેલ વિસ્તારમાં કોઇએ કામ કરેલ નથી. તથા મને બિલના નાણા ચુકવેલ નથી. છતાં વધારાના કામના કરોડોના કલેમ સરકાર ઉપર કર્યો અને મારા ધ્યાનમાં છે ત્યાં સુધી અધિકારીઓની સાંઠ ગાંઠને કારણે આ કંપનીને કલેમની મોટી રકમ સરકાર દ્વારા ચુકવવામાં આવેલ છે. આ અંગે મારી પાસે પુરતા પ્રમાણમાં પુરાવા છે જે આપશ્રીને રૂબરૂ મળીને આપી શકું તેમ છું જેથી કરોડોના કૌભાંડ બહાર આવી શકશે. તથા અ ાજુબાજુના પેકેજ રાખેલ કંપનીઓના કૌભાંડ પણ મારી જાણમાં છે.

મારી મોટાભાગની મશિનરી વેચાઇ ગયેલ તથા સ્ટાફ બેકાર થઇ ગયેલ તેઓને સાચવવા મે રાજકોટ ડોંડી સિંચાઇ ડેમનું કામ કેતન કન્સ્ટ્રકશનના પેટા કોન્ટ્રાકટર શ્રી સાંઇ કન્સ્ટ્રકશન પાસેથી રાખેલ. જે કામ શંકરસિંહ વાઘેલાની સરકારના અંતિમ દિવસોમાં સૌરાષ્ટ્રના જે ચાર ડેમો જે રિંગ દ્વારા ઉંચા ભાવે મેળવવામાં આવેલ તેમાં એક હતો આ કામમાં હજી તો પુરતી જમીન પણ સંપાદિત કરવામાં આવી ન હતી. આ કામમાં પણ મને નાણાં પુરતા આપવામાં આવેલ નહીં માત્ર ૩૫ ટકા જ નાણા ચુકવેલ. નવી સરકારે શંકરસિંહના ફાળવેલ કામો ના પેમેન્ટ રોકી દીધેલ જેના પરીણામે મને મોટી આર્થિક નુકશાની ભોગવવી પડી આ કામમાં પણ મોટી ગેરરીતી છે જેના પુરાવા મારી પાસે પ્રસ્તુત છે. મુખ્ય કોન્ટ્રાકટર ધ્વારા થયેલ છે. આ પેમેન્ટ ન મળતા બીજી સાઇટ જખૌ ખાતે વેલબિંગ કંપનીમાં કામ શરૂ કરેલ. જેનું પેમેન્ટ નિયમીત હોવાથી મારુ કામકાજ ચાલતું રહ્યું આજ સમયે કચ્છમાં વિનાશક વાવાઝોડું આવતાં મેં મારી મશીનરી તથા સ્ટાફને વિના મુલ્યે સેવામાં મરેલા ઢોરોનો નિકાલ માટે લગાવેલ.

ત્યારબાદ મુદ્રા અદાણી રેલ્વે લાઈનનું કામ શરૂ કરેલ જેમાં સહયોગી ઓમકાર એન્જીનિયરીંગ કંપની હતી. આ કામ દરમ્યાન અદાણી કંપનીના પ્રોજેકટ ઈજનેર શાહ સાહેબ હતા જેઓને શરૂઆતના સમયમાં માપણીમાં ભ્રષ્ટાચાર કરવો હતો તે ન કરવા દેતા એમાએ કામ ઘણા સમય સુધી બંધ રાખેલ છેવટે તેઓને સસ્પેન્ડ કર્યા બાદ અમોએ કામ ચાલુ કરેલ. આ કામ પુરુ થયેલ છે. રેલ્વે લાઈન શરૂ થઈ છતાં અમારા સિક્યુરીટીના નાણાં લેવાના બાકી છે. આ કામ સાથે વડોદરા હાલોલ રોડનું કામ ઈરકોનના પેટા કોન્ટ્રાકટર અમર કન્સ્ટ્રકશન પાસેથી અમોએ રાખેલ જેમાં પણ ખંત પૂર્વક અમોએ કામ કરેલ પરંતુ જ્યારે નાણાં લેવાના હતા તેજ દિવસે અમર કન્સ્ટ્રકશનના માલિક અશોકભાઈએ આપઘાત કરી દીધેલ તેથી આજદિન સુધી અમારે નાણાં લેવાનાં બાકી છે.

તેજ રીતે ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશનની ગુજરાત રિફાઈનરીમાં ખુરાના કન્સ્ટ્રકશન કંપનીના પેટા દિપક કન્સ્ટ્રકશનના પેટા કોન્ટ્રાકટર તરીકે અમોએ કામ રાખેલ આ કામ પૂર્ણતાના છેલ્લા તબક્કે હતું ત્યારેજ કચ્છમાં વિનાશક ભૂકંપ આવેલ તેથી આનું મોટાભાગનું પેમેન્ટ આજસુધી મળેલ નથી.

ભૂકંપમાં કામગીરી :-

તા. ૨૬ જાન્યુઆરી-૨૦૦૧ના રોજ ગુજરાત ઉપર ભૂકંપ રૂપી આવી પડેલ આપત્તિ સમયે, તેના આગલા દિવસે જ મેં ભોપાલમાં કામ રાખેલ મારી મશીનરી ત્યાં લઈ જવાની વ્યવસ્થા કરવામાં વ્યસ્ત હતો. સવારે ૮ વાગે મણીનગરમાં (અમદાવાદ) પહોચ્યો અને ત્યારબાદ ભૂકંપ આવતાં હું ઉતર્યો હતો. તેની પાછળ જ જલાદર્શન તથા અન્ય એકબ બિલ્ડીંગ તુટી પડતાં હું ત્યાં પહોચી ગયેલ આપતિના સમયમાં માત્ર ૧૫ મિનીટમાં વટવા ચોકડીથી રૂપેરા ટ્રાન્સપોર્ટમાંથી ક્રેઈન લઈ આવેલ તે કામ ન લાગતાં ફસાયેલા માણસોને બહાર કાઢવા ગેસ કટરની જરૂરીયાત તથા ઓપરેટરલઈ આવેલ બપોર સુધીમાં

મોટાભાગના ફસાયેલા લોકોને બહાર કાઢવામાં મદદ કર્યા બાદ બપોર એવા સમાચાર મળ્યા કે મોરબીમાં મોટું નુકશાન થયેલ છે. તેથી સીધાજ મોરબી પહોંચી ત્યાં મારા મિત્રની કવોરી ઉપરથી મશીનરી લાવી હાઉસીંગ બોર્ડમાં ફસાયેલા જીવતા તથા મૃત લોકોને બહાર કાઢવાની કામગીરી શરૂ કરી દીધેલ. સાંજે કચ્છમાંથી એક ભાઇ આવતાં તેઓએ સમાચાર આપેલ કે કચ્છમાં ખુબજ મોટું નુકશાન થયેલ છે. સમગ્ર કચ્છ આપતિમાં આવી ગયેલ છે. હું કચ્છનો વતની હોવાથી મારા બધાજ કુટુંબીઓ ત્યાં હોવાથી રાત્રે સીધો ભુંજ મારી ગાડીથી પહોંચી ગયેલ ભૂંજમાં સીધો ડી.એસ.પી. શ્રી એ.કે. શિંધ સાહેબની ઓફીસે ગયેલ અનેતેઓએ મળીને જણાવેલ કે મારી પાસે Escavator તથા Dumper મુદ્રા અદાણી રેલ્વે લાઇન ઉપર છે. તો તેને લઇ આવવા ટ્રેલરની વ્યવસ્થા ગોઠવી આપો તો તેઓએ વ્યવસ્થા કરી આપતાં સવારે મશીનરી લઇ સીધો ભુંજ જનરલ હોસ્પીટલમાં પહોચી કામગીરી મારા પોતાના સ્ટાફની શરૂ કરી દીધેલ હું મારા ઘેર પણ જોવા પહોચેલ નહીં માત્ર સમાચાર મળેલ કે ઘરમાં જાનહાની થયેલ નથી. માત્ર મકાનને નુકશાન થયેલછે. તેથી મેં રાત દિવસ જોયા વિના એકપણ પૈસાની અપેક્ષા રાખ્યા સિવાય માત્ર સેવાની ભાવનાથીજ માનવીય અભિગમ દ્વારા કામ શરૂ કરેલ જેમાં નાતજાતના ભેદભાવ વિના કામ કરેલ. અસંભવિત કામગીરી હાથમાં ધરેલ આજ સમયે વડોદરામાં જે મારી અન્ય મશીનરી મારી કંપનીમાં ચાલતી હતી તેલેવા માટે માણસો મોકલેલ. જેઓ વડોદરાના કલેકટરશ્રી અનિલ મુકીમ સાહેબને મળેલ તેઓએ વડોદરા ટ્રાન્સપોર્ટ એસોશીએશન ઉપર પત્ર લખી જણાવેલ કે આ મશીનરી કચ્છમાં મોકલવાની વ્યવસ્થા તથા તેનું ભાડુ ચુકવવા નિર્દેશ કરેલ પરંતુ અમોએ એકપણ પૈસો તેમાં લીધેલ નહીં.

ભૂજમાં સૌ પ્રથમ જનરલ હોસ્પીટલમાંથી ૨૦૦ થી પણ વધુ લાશો અમારી મશીનરી દ્વારા કાઢવામાં આવેલ તથા ફસાયેલા માણસોને જેઓને ફ્રેકચર થયેલ તેઓને તે

હાલતમાં બહાર કાઢેલ બીજી મશીનરી જે વડોદરાથી આવેલ તે જૈન ભુવન ખાતે લગાવેલ તેનાથી અનેક લોકોને મૃત હાલતમાં તથા જીવંત હાલતમાં બહાર કાઢેલ તેમજ ડમ્પરોને વિવિધ સ્થળે માલસામાન લઇ જવા તથા લાશોને લઇ જવા વ્યવસ્થા કરી આપેલ જેનો સંપૂર્ણ અંકુશ તા. ૩૧-૧- સુધી ડી. એસ. પી. ઓફિસ દ્વારા ત્યારબાદ આર. એન્ડ બી કન્ટ્રોલરૂમ દ્વારા તેઓના માર્ગદર્શન હેઠળ થતો હતો. આ સમયે અમે અમારી પોતાની પાસે સ્ટોકમાં જે ૪૦૦૦ લીટર ડીઝલ હતું તેનો વપરાશ પણ વિના મુલ્યે કરેલ. જૈન ભુવન બાદ ભગત બિલ્ડીંગ, શાહ પોઇન્ટ, શ્રધ્ધા એપાર્ટમેન્ટ, કલ્પતરુ, નવકાર એપાર્ટમેન્ટ, મેન્ટલ હોસ્પીટલ, મંગલમ એપાર્ટમેન્ટ, દીપ મંદિર, સહજાનંદ ટાવર્સ, કૈલાશ એપાર્ટમેન્ટ, સૂર્યદર્શન વિ. તથા આર્મીના માર્ગદર્શન હેઠળ અન્ય નાના મોટા બિલ્ડીંગોમાંથી ફસાયેલ લોકો તથા મૃત લોકોને બહાર કાઢવાનું કામ કરેલ તથા શહેરના રસ્તાઓ ને સાફ કર્યા હતા.

આ કામ સાથે જ્યુબિલી મેદાન ઉપર વિશ્વ હિંદુ પરિષદ કાર્યાલયનું કામ, લાલ ટેકરી ઉપર આર્યસમાજમાં ભોજનાલયનું કામ, કચ્છ કડવા પાટીદાર સમાજ વાડીમાં રાહત સેવાનું તથા ભોજનાલયનું કામ તેમજ વાઢાંય મુકામે ઉમિયા માતાજી સંસ્થામાં ટેન્ટ તથા ભોજનાલયનું કામ શરૂ કરાવેલ.

ઉપરોક્ત કામગીરીમાં અમારી કંપનીની અમુક મશીનરી તા. ૧-૨-૨૦૦૧ થી આર.એન્ડ બી. કન્ટ્રોલરૂમ આર્મીના નેજા હેઠળ તથા જી.એમ.ડી.સી. ના નેજા હેઠળ ત્રણ મહિના સુધી કાર્યરત રહી જેનો એકપણ પૈસો અમોએ ભાડા સ્વરૂપે અન્ય કોઇપણ લીધેલ નથી. જી.એમ.ડી.સી.નો તો વર્ક ઓર્ડર ૫-૨-૨૦૦૧ થી આપેલ. બે માસ બાદ અમોને લેખિત પત્ર દ્વારા આ કામમાં વપરાયેલ મશીનરીનું બીલ રજુ કરવા જણાવેલ છતા અમોએ બીલ રજુ ન કર્યું. અમોએ પત્ર દ્વારા જણાવ્યું કે અમોએ રાહતકામ તરીકે અમારી ફરજ બજાવી છે. અમોએ પૈસા માટે કામ કર્યુ નથી.

આ માનવતાના કાર્યબાદ ભુજ શહેરમાંથી કાટમાળ ખસેડવાનું કામ ટેન્ડરથી કરી આપવાનું નક્કી કરવામાં આવ્યું. આર.એન્ડ.બી. દ્વારા શહેરને પાંચ ઝોનમાં વહેંચી દેવામાં આવેલ જેમાં ઝોન ૪ નું કામ મને આપેલ જ્યારે ઝોન ૨ અને ૩નું કામ આર.કે. કન્સ્ટ્રકશન ગોધરાને આપવામાં આવેલ જેનું પેટાકામઅમારા દ્વારા કરવામાં આવેલ. આ ઉપરાંત દિલ્હીથી વલ્ડબેંકની ટીમ સાથે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ ભૂકંપગ્રસ્ત વિસ્તારની મુલાકાતે અમોને વર્ક ઓર્ડર આપ્યો તેના દશ દિવસ અગાઉ આવેલ અને ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ઝોન ૧ તથા ઝોન ૫ માં કામ શરૂ કરાવેલ જે કામ ખરેખર અમો સિવાયના અન્ય કોન્ટ્રાક્ટરને આપવામાં આવેલ. આા કામ કરાવા બદલ અમોએ કોઈપણ પ્રકારનું નાણાંકીય વળતર લીધેલ નથી. જૈન ભુવન ભૂકંપ પછીના પાંચ માસ બાદ પડી ગયેલ જે મારા વિસ્તારમાં ન આવવા છતાં પાંચ એસ્કેવેટર તથા ૨૫ ડમ્પર લગાવીને યુધ્ધના ધોરણે એક જ દિવસમાં વિના વળતરે પુરું કરી આપેલ.

ભુજ શહેરની ખાનગી જી–૫ હેઠળના મકાનોનો કાટમાળ ટેન્ડરની અંદાજિત કોન્ટીટી ૧૮ લાખ મેટ્રીક ટન હતો જેમાં અમોએ બચત કરી ખાનગી તેમજ સરકારી ધાર્મિક ઐતિહાસિક ઈમારતો તથા ભુકંપમાં ધ્વંશ થયેલ કિલ્લાની રાંગનું કાટમાળનું વજન કુલ અંદાજીત ૧૦ લાખ મેટ્રીકટનમાં પુરો કરેલ. જેથી સરકારને અંદાજિત કરતાં ઘણી મોટી બચત કરી આપેલ. જે કામ અમોએ માનવીય અભિગમ દ્વારા કરેલ જેની નોંધ સરકારી અધિકારીઓએ લીધી.

દિવાળી દરમ્યાન આપશ્રી તથા આપણા મંત્રીમંડળના સદસ્યો તથા સચિવો દિવાળી કચ્છના ગામડાઓના લોકો વચ્ચે ઉવજેલ, શહેરોનો તો કાટમાળ ખસેડી લીધેલ પરંતુ ગામડાઓનો કાટમાળ મોટાભાગનો જેમનોતેમ પડેલ. કચ્છમાં આપશ્રીએ એવો નિર્દેશ અધિકારીઓને આપેલ કે ૩૧ ડીસેમ્બર ૨૦૦૧ સુધીમાં પુનઃવસનની કામગીરી પૂર્ણ થવી જોઇએ. ગામડાઓને ઉભા કરવા કાટમાળ ખસેડવો ખુબ જ જરૂરી હોતાં મહેસૂલ

વિભાગ તરફથી તા. ૨૨/૧૧/૨૦૦૧ ના રોજ જી. આર. (ઠરાવ ક્રમાક ૧૬૨૦૦૧-૧૯૧૧(૧) ૨૫૬) બહાર પાડ્વામાં આવેલ. જી. આર. માં સ્પષ્ટ જણાવ્યું છે કે કચ્છમાં અછતના ૭૭ કામ થયા છે. મુખ્યત્વે રસ્તા સાફ અને કિંમતી ઘરવખરી, વેણ વંજીયો કાઢવામાં આવી અને કાટમાળ મોટામાગે હજુ પડેલ છે તેવું દર્શવેલ છે. અમોને મૌખિક રીતે તા. ૨૬/૧૧/૨૦૦૧ ના રોજ કામ સોંપવામાં આવ્યું. તા. ૨૬/૧૧/૨૦૦૧ ના કામ સોપ્યું. અમોએ કામગીરી શરૂકરવાની કાર્યાવહી તેજ દિવસ થી અમુક ગામોમાં કરી દીધેલ જે એફ. આઈ. આર.(ભચાઉ) માં ઉલેખ છે. સરકારશ્રીના ઠરાવ અને અમોને સોપેલ કામગીરી વચ્ચે ચારજ દિવસ નો સમય છે. આ કામગીરી કચ્છના ભૂકંપગ્રસ્ત ૩૨૮ ગામોમાં કરવાની હતી. વિસ્તારની દ્રષ્ટિએ કચ્છનો એરિયા બહુ મોટો છે. ફરિયાદમાં દર્શાવા મુજબ આકામ સાથે સંકળાયેલા સરકારી એજન્સી જેવા કે સહાયક એન્જીનરો, મુખ્ય શિક્ષકો,વહીવટદારો તથા વિવિધ ગામોના સરપંચો,ઉપસરપંચો તથા પેટા એજન્સીઓ ના ૧૫૦૦ થી ૨૦૦૦ સંખ્યા થાય છે. વિવિધ વિચાર સરણી ધરાવતા વ્યક્તિ ચાર દિવસમાં કોઈપણ વિરોધ વગર મારા હિતમાં મેળાપણાપણું થઈ શકે એ શક્ય નથી. આજે એક સંસ્થા કે પેઢીના પાંચ પચ્ચિસ અધિકારી કે વ્યક્તિઓનો એકમત થતો નથી તો અહીતો સેકડોની સંખ્યા છે. જે આ કામ સાથે સંકળાયેલ છે. કચ્છના કલેક્ટર તથા સચિવોએ અમારા ભૂતકાળના કામને ધ્યાનમાં લઈને વગર ટેન્ડરે, વગર વર્ક ઓર્ડરે કોઈપણ પ્રકારની ડીપોઝીટ, બેંક ગેરન્ટી તથા સોલવન્સી લીધા સિવાય અને વગર એગ્રીમેન્ટ દ્વારા કામ કરવા જણાવેલ. અમોએ અમારા સંમતિ પત્રમાં જણાવ્યા અનુસાર કચ્છના જી-૫ કેટેગરીમાં આવતા ટોટલ મકાનોના સરેરાશ રૂ.૧,૫૦૦/- મકાનદીઠ મળે તો જ અમે કામ કરવા તૈયાર છીએ અન્યથા અમારી તૈયારી નથી. જેમાં કોઈ મકાન મોટું હોય, નાનું હોય, કોઈ મકાન માલિકે થોડું અથવા પુરુ મકાન ઉપાડી લીધેલ હોય છતાં આ જી-૫ બધાજ મકાનોને સરેરાશ તરીકે ગણવા જણાવેલ. જે અંગે અમોને જીલ્લા વિકાસ અધિકારી તરફથી તા. ૩/૧૨/૨૦૦૧ ના પરિપત્રથી સંમતિ આપવામાં આવેલ. ત્યારબાદ અમો જિલ્લા વિકાસ અધિકારીએ આ કામગીરી કચ્છના છ તાલુકાઓમાં માત્ર ૨૩ દિવસમાં આ કામ પૂર્ણ કરવા પરિપત્રમાં જણાવેલ. માત્ર ૨૩ દિવસની મુદત આપતાં

અમોએ જણાવેલ કે આ કામ આટલા દિવસમાં કરવું મુશ્કેલ છે. આમજનતાને સંતોષ આપી શકાશે નહીં, તેથી વધુ સમય ફાળવોતો સંતોષકારક કામ થઈ શકે ત્યારે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તથા અન્ય અધિકારીઓએ જણાવેલ કે જી. આર. પ્રમાણે ૩૧ ડીસેમ્બર સુધીમાં આ કામ પૂર્ણકરી તેમા ફાળવેલ નાણાં વાપરી નાખવાના છે. છતાં આગળ મુદત માટે અમો ગાંધીનગર રજૂઆત કરીશું તેથી અમે વિશ્વાસ રાખી કામ શરૂ કરી દીધેલ. અગાઉ પણ અમોએ સરકારશ્રીના પ્રતિનિધિઓનો વિસ્વાસ કરી ઘણા ભૂકંપના કામો જેવાકે દબાણ દુર કરવા માણસો તથા મશીનરી પૂરી પાડવી રાહત સામગ્રી તથા સેવાદળના કાર્યકરોને પહોછાડવા અમારી મશીનરોનો અવાર નવાર ઉપયોગ કરેલ છે. આ કામ દરમ્યાન કચ્છમાં તા. ૨૨ ડીસેમ્બર સરપંચોની ચૂંટણી આવેલ. આ ચૂંટણીના કારણે અમુક ગામોમાં આચાર સંહિતાના હિસાબે કચ્છના કોંગ્રેસી આગેવાનોએ અને કામમા રસ ધરાવતા ઠેકેદારોએ વિરોધ કર્યો અને કામને અવરોધ કરી રોકાવ્યું. આ કામમાં ભ્રષ્ટાચાર થયેલ છે તેવો અપપ્રચાર શરૂ કરી દીધેલ. જેના કારણે કામ અમુક જગ્યાએ રૂકાવટ આવી.

કામની શરૂઆત વેળાએ અમોને ફેરા રજીસ્ટર રાખવાનું ડી. ડી. ઓ. તથા અન્ય અધિકારીઓ દ્વારા જણાવવામાં નહોતું આવ્યું. એફ. આર. આઈ. માં ઉલ્લેખ મુજબ તે પાછળથી તા. ૨૦ ડીસેમ્બરના અમોને આપવામાં આવ્યું ત્યારે અમોએ ડી. ડી. ઓ. (રાજીવરોપનો) ને ના પાડતાં જણાવ્યું કે ઘણા ગામડાઓમાં કામ પૂર્ણ થયું છે ઘણા પ્રગતિ ઉપર છે. આ હવે અમારાથી નહી બની શકે. મે મારા જીવનમાં કોઈ બનાવટી કામ કર્યું નથી. મારાથી કોઈ મોડીફીકેશન નહીં થઈ શકે. ત્યારે ભૂકંપ ડી. ડી. ઓ. તથા ડી. ડી. ઓ. એ જણાવ્યું કે વહીવટી હીસાબકીય છણાવટ માટે રેકોર્ડ પૂરતો રાખવો જરૂરી છે. તમો ગામવાર મકાનદીઠ એક મકાનના નવ ફેરા પ્રમાણે રજીસ્ટર બનાવશો. એક ફેરાના પાંચ ટન ગણવામાં આવશે આ જાણ તેઓએ દરેક તાલુકાના ટી. ટી. ઓ. તથા ગામવાર મુકેલ સહાયક ઈજનેરને કરી અને તેઓએ આ રેકોર્ડ બનાવ્યો. બાકી ગામમાં જી–૫ ના કેટલા મકાન છે તે પણ અમોને ખબર નહોતી ગામમાં જેટલા મકાન રહી જતા હતા તે,

જે મકાન માલિક હાજર નહોતા તથા ઉપાડવા ન આપે તેટલા મકાનો જી–૫ ના ટોટલ મકાનોની સંખ્યામાંથી બાદ કરી બાકીના ઉપાડેલ મકાનોનું પ્રમાણપત્ર ગામવાર આપવામાં આવતું હતું આ કામના બીલ ટેક્ટરના ફેરા કે ટન મુજબ બનાવેલ નથી. સચીવશ્રીઓ, કલેક્ટરશ્રી તથા ડી.ડી.ઓ. સાથે વાતચીત મુજબ જી–૫ માં આવતા ગામના એવરેજ મકાનોના રૂા.૧૫૦૦ મુજબ બનાવેલ છે. ફેરાસાથે કે ટન સાથે અમોને કાંઇ લેવાદેવા નથી. કોઈક ગામનાં કામ ઓછું હતું. કોઈક ગામમાં કામ વધું હતું કોઇ ગામમાં ઓછુ હતું તે ગામમાં પ્રથમ દ્રષ્ટિએ સૌને લાગશે કે આમાં ભ્રષ્ટાચાર થયો છે. પરંતુ અમારી વાત કચ્છ જિલ્લાના એવરેજ જી–૫ ના મકાનો મુજબની હતી એટલે અમોને પેમેન્ટ તે મુજબ આપવામાં આવ્યું છે તે નક્કર હકિક્ત છે. કોઈક ગામમાં મોટા મકાનો હતા. એટલે તેમાં નુકશાન થાય તે હકિક્ત છે. આ વિશાળ કામ હોઇ અમો એકલા કાર્ય ન કરતા અન્યની મશીનરી, કામદારો મંગાવી તથા ગામડાઓના મશીનરીનો ઉપયોગ કરી કામગીરી શરૂ કરી દીધેલ. ઘણાબધા સ્થળોએ પેટા કોન્ટ્રાકોટરોને પણ કામ સોંપવામાં આવેલ. હંગામી ધોરણે રોકાયેલ દરેક સુપરવાઈઝર તથા એજન્સીઓ એક સરખી કાર્યક્ષમ ન હોવાથી ક્યાંય કોઈ સ્થળે ક્ષતિ રહી જવા પામી હોય તે એક સ્વીકૃત બાબત છે. આ બાબત. અમોએ કલેક્ટરશ્રીનું પત્ર દ્વારા ધ્યાન દોર્યું હતુ અને જણાવ્યું હતુ કે આ કામમાં કઇ પણ ક્ષતિરહી જવા પામી હોય તો અમોને સમય મર્યાદા વધારી આપતો ઓર્ડર તથા અમારા પેમેન્ટમાંથી વધારે પેમેન્ટ ચુકવાયું હોય તો કાપીને આપશો. વગર ટેન્ડરે ઉતાવડે સરકારે ૨૭ દિવસમાં કામ પૂર્ણ કરવા જણાવ્યું. ચૂટણીની આચાર સહિતા રાજકીય વિરોધને કારણે અમારી સમય લંબાવાની માંગની બાહેધરી સરકાર દ્વારા ન વિચારાઇ અને અમારુ પેમેન્ટ રોકી રાખ્યું. તે મારા માટે તેમજ આ કામ સાથે સંકળાયેલા સૌને માટે ખૂબજ દુખદાયક છે. મોતની સજા પામેલ ગૂનેગારને પણ એક તક આપે છે. અહીં તો ....

તા. ૨૩ ડીસેમ્બર, ૨૦૦૧ ના રોજ ગુજરાત સરપંચોની ચૂંટણી યોવાઇ ગઇ તેમાં કચ્છમાં મોટા ભાગે ચાલુ સરપંચોની હાર થઇ નવા વરાયેલ સરપંચોએ દ્વેષ ભાવથી કામગીરી થયેલ હોવા છ્તાં કામ નથી તેવી ફરીયાદો શરૂ કરેલ. મોટાભાગના નવા ચુંટાયેલ સરપંચો કોંગ્રેસ પક્ષના હતા. ચૂંટણીમાં વિરોધપક્ષોએ વિના ટેન્ડરે કામ આપ્યાને ચૂંટણી મુદ્દો બનાવ્યો. તેઓએ રાજકીય કિન્નાખોરીથી ફરીયાદ કરાવેલ છે. વહીવટતરફથી કાટમાળ ખસેડવાની કામગીરીની તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી ચુકવણું સ્થગિત કરવામાં આવેલ છે.

કોઈક ગામમાં ગામ લોકોએ અથવા એન. જી. ઓ. એ અથવા અછત રાહત તરીકે ઉપાડી લીધેલ હોય તે શક્ય છે. સરકારશ્રીના જી. આર. મુજબ આ થયેલ હતું છતાં મોટાભાગનો કાટમાળ પડેલ છે, તેથી ઉપાડવો જરૂરી હતો. ૧૫૦૦ રૂપિયાની મર્યાદા બાંધી દીધેલ છે. વધારાનો ખર્ચ થાય તો ગ્રામ શિક્ષણ સમિતિ વિ.ઈ.સી. ને ભોગવવાનો રહેશે. કોઈ નિયમિત જથ્થો જણાવેલ નથી. તેમજ જી–૫ ના ટોટલ કેટલા ઉપાડ્યા છે. જી–૧ થી જી–૪ કેટેગરીનાં કેટલા મકાનો રીસર્વે બાદ તથા ભૂકંપ બાદ આવતા આફ્ટરસૉક ને લીધે કેટલા મકાનો ને જી – ૫ માં તરદીલ કર્યા તથા કેટલા લોકોએ જાતે ઉપાડ્યા આ કામગીરી સાથે સરકારની મોટી મશીનરી લાગેલ છતાં તેમની પાસે નિશ્ચિત જથ્થાનો અંદાજ નહોતો. એવરેજ આપવામાં આવેલ. એક વખત એન.જી.ઓ ની બેઠકમાં વર્લ્ડ બેંકના પ્રતિનિધિઓના હાજરીમાં આપની સરકારના સચિવશ્રી સાહુ સાહેબે આ કામના અંદાજીત ખર્ચ ના ઉલ્લેખ કરતા જણાવેલ કે અંદાજીત દોડસોથી પોણાબસો કરોડ રૂપિયા થાય છતા અમો કચ્છના જી–૫માં આવતા. ૮૦,૦૦૦ મકાનો ના એવરેજ રૂા. ૧૫૦૦/– પ્રમાણે માત્ર બાર કરોડ માં નક્કી કર્યું. અમો પૈસા માટે આ કામ નહોતું કર્યું. સેવાકીય તથા ફરજની જવાબદારી સમજી અમોએ આ જવાબદારી સ્વીકારી લિધેલ. અમોને ખબર હતી કે ભૂજ–ભચાઉ અંજાર તથા રાપરના આશરે પંદર હજાર મકાન ઉપાડ્યા સરકારે અંદાજીત ૨૦ કરોડનો ખર્ચ થયેલ છે. અહી ૮૦,૦૦૦ મકાનોના માત્ર બાર કરોડ થાય છે. કાંઈ કમાઈ લેવાની કે સરકારની તીજોરી લુટવાની કે ભષ્ટ્રાચાર કરવાની કલ્પનાજ અશક્ય છે.

ઉપરોક્ત કાટમાળ ખસેડવાની કામગીરીની તપાસ તથા ચૂકવણા અંગે અમારી નીચેની નમ્ર વિનંતી છે. સરકારશ્રીના ઠરાવક્રમાંક ભૂકંપ – ૧૬૨૦૦૧–૧૯૧૧(૧)–અ–૬ તારીખ ૨૨–૧૧–૨૦૦૧ પ્રમાણે જણાવ્યા પ્રમાણે :

અછતની કામગીરીમાં પોતાને ઉપયોગી હોય તેવી સામગ્રી કિમંતી કાટમાળ ઉપાડેલ છે. અને મોટી સંખ્યામાં કાટમાળ પડેલ છે. આનો અર્થ એ થાય છે કે તા.

૨૨/૧૧/૨૦૦૧ નાં ગ્રામ્ય વિસ્તારમાં કાટમાળ પડેલો હતો. તારીખ ૩/૧૨/૨૦૦૧ થી કાટમાળ ખસેડ્વાની કામગીરી અમોએ તારીખ ૩૧/૧૨/૨૦૦૧ સુધી કરેલ છે તથા અનેક ગામોમાં પછીના ત્રણ માસ સુધી ચાલુ રાખેલ અને સંપૂર્ણ કાટમાળ ઉપડી ગયેલ છે તેવું ગ્રામ્ય શિક્ષણ બાંધકામ સમિતીએ પ્રમાણપત્ર આપેલ છે. એટલે કાટમાળ હતો નહીં અને ચુકવણું કરવામાં આવેલ છે એવું ફલિત થતું નથી. એટલે તો ૩/૧૨/૨૦૦૧ નાં કાટમાળ પડેલો હતો તે અમોએ ખસેડેલ છે અને તેનું પ્રમાપત્ર રજુ કરેલ છે એટલે અછતમાં સંપૂર્ણ કાટમાળ ખસેડ્વાનો મુદ્દો રહેતો નથી.

ઠરાવમાં જણાવ્યા પ્રમાણે ખર્ચની મર્યાદામાં ચુકવણું કરેલ છે તેથી વધારે ચુકવણું અમોને કરેલ નથી.

અછતમાં કોઈપણ મકાનનો સંપૂર્ણ કાટમાળ ખસેડેલ નથી. ફક્ત ઉપયોગી અને કિંમતી સામગ્રી ઉપાડેલ છે તેમજ રસ્તાઓ સાફ કરેલ છે. એટલે અછતમાં કાટમાળ ખસેડેલ મકાનોની સંખ્યા કોઈ રેકર્ડમાં દર્શાવેલ નથી. એટલે સરકારી રેકર્ડ પ્રમાણે જી–૫ નાં ટોટલ મકાનોની સંખ્યા પ્રમાણે એકનાં રૂા. ૧૫૦૦ લેખે ખર્ચની મર્યાદા પ્રમાણે ખર્ચ કરેલ છે.

તપાસને અછતમાં થયેલ કામગીરી સાથે જોડી તપાસને ગેરમાર્ગ દોરવવામાં આવે છે. અછતમાં કોઈપણ મકાનનો સંપૂર્ણ કાટમાળ ખસેડેલ નથી અને જેનો કોઈ પુરાવો નથી. તપાસ અધિકારી આ અંગે કોઈ ચોક્કસ તારણ કાઢી શક્તા નથી કારણ કે કોઈ રેકર્ડમાં અછતમાં કાટમાળ ખસેડ્વાની મકાનની સંખ્યા દર્શાવેલ નથી કારણ કે કોઈપણ એક મકાનનો સંપૂર્ણ કાટમાળ અછતમાં દૂર થયેલ નથી.

સરકાર કાટમાળ દૂર કરવાની કામગીરી કરતી હોય ત્યારે કોઈ મકાન માલિક સ્વખર્ચે મકાનનો કાટમાળ ઉપાડે એ તર્ક માનવામાં આવે તેવું નથી જેથી આ મુદ્દો પણ ટકી ૨૧।૧૭।

શકે નહીં તેમજ ગ્રાહ્ય રાખી શકાય નહીં.

કાટમાળ ખસેડ્વાની કામગીરીની તપાસ રાજકીય ખટપટને કારણે વિલંબમાં પડેલ છે અને તેને કારણે કોઇ ચોક્કસ મુદ્દાઓને તથા પુરાવાઓને બાજુમાં મુકી દેવામાં આવેલ છે. લોકોની વાતો તથા સ્ટેટમેન્ટને આધાર લેવામાં આવે છે પરંતુ ભૌતિકતાનાં આધારે તપાસ થતી નથી.

ભૌતિકતાની વાત કરીએ તો નીચેના મુદ્દાઓ આવે છે :

૧. તા. ૨૧/૧૧/૨૦૦૧ નાં સરકારશ્રીનાં ઠરાવ પ્રમાણે ગામડાઓમાં કાટમાળ પડેલ હતો.

૨. તા. ૩૧/૧૨/૨૦૦૧ નાં આપેલ પ્રમાણપત્ર તથા ફેરા રજીસ્ટર પ્રમાણે કાટમાળ અમોએ ખસેડેલ છે.

૩. હાલમાં કોઇ ગામમાં કાટમાળ છે કે નહીં જો હોય તો કેટલા મકાનનો કાટમાળ રહી ગયેલ છે તો મકાનની સંખ્યા પ્રમાણે રકમ બાદ કરી ચૂકવણું કરી શકાય.

૪. અછત તા. ૩૦/૦૯/૨૦૦૧ નાં રોજ પૂર્ણ થયેલ છે જેનો ઠરાવમાં કઇ જાતની કામગીરી થયેલ છે તેનો ઉલ્લેખ છે એટલે ડીસેમ્બર માસમાં થયેલ કાટમાળ ખસેડ્વાની કામગીરીને અછત સાથે લાગુ પડતી નથી.

૫. કાટમાળ ખસેડ્વાની કામગીરીનું સંપૂર્ણ ચૂકવણું કરવામાં આવેલ નથી હજુ પણ અમારા સરકારશ્રી પાસે મોટી રકમ લેવાની રહે છે જેથી અગાઉ કરેલ ચુકવણામાં કોઈ વધારે રકમ ચુકવાઇ ગઇ હોય તો તે અમારા નીકળતા ચુકવણામાં સરભર

કરી બાકીનું ચુકવણું થઈ શકે એટલે અગાઉ આવેલ ચુકવણું કાટમાળ ખસેડવાની કામગીરીની સંપૂર્ણ ચુકવવાની થતી રકમ કતાં ઘણી ઓછી છે એટલે સરકારી રકમની ઉચાપતનો પ્રશ્ન રહેતો નથી.

આ કામગીરી દરમ્યાન આધોઈ (ભચાઉ તાલુકાનું ગામ) માં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી ધીરુભાઈ શાહના મત વિસ્તારમાં આવતું હોવાથી તેમણે દબાણપૂર્વક ગામ લોકો કામ કરાવવા તૈયાર ન હોવા છતાં ચાલુ કરાવવા આગ્રહ કરેલ અમોએ કામની શરુઆત કરેલ. સ્થાનિક નેતાગીરીનાં અગ્રણી કચ્છના માજી સાંસદ શ્રી હરિલાલ નાનજી પટેલનું આ ગામ હોવાથી તથા આ ગામ મહારાષ્ટ્ર કોંગ્રેસ સરકારે દત્તક લીધેલ હોવાથી ચૂંટણીની આચાર સંહિતાનો મુદ્દો આગળ કરી કામ બંધ કરાવેલ. આ ગામમાં છેલ્લા ઘણા સમય સુધી કોઈ સરપંચની ચૂંટણી થયેલ ન હતી. ધીરુભાઈ શાહના કારણે ગામમાં ચૂંટણી થઈ અને ગામમાં ફુટ પડી. મહારાષ્ટ્ર સરકારના પેકેજમાંથી મુક્ત કરી ગુજરાત સરકારના પેકેજમાં ગામલોકોનો ઘણો મોટો સમુહ આવવાનું ઈચ્છતો હોવાથી ગુસ્સે થઈ હરિલાલ નાનજી પટેલે કલેક્ટર શ્રી છીબર સાહેબ તથા ડી. ડી. ઓ. રાજીવ ટોપનો પાસે કામ રોકાવા રજૂઆત કરી. આ રજૂઆતના આગલા દિવસે વિધાન સભાના અધ્યક્ષ શ્રી ધીરુભાઈ શાહે કલેક્ટર તેમજ ડી. ડી. ઓ. ને મારી રૂબરૂમાં સર્કીટ હાઉસ (ઉમેદ ભુવન) માં બોલાવી અધોઈમાં પોલીસ ફોર્સ લગાવીને પણ કામ કરવું પડશે. નહીતર હું તમારું પેમેન્ટ અટકાવી દઈશ. ત્યારે મે માનનીય શ્રી ધીરુભાઈ શાહને જણાવ્યું કે આધોઈ બહું મોટું ગામ છે. કચ્છના અન્ય ગામઓમાં મારું કામ ચાલું છે. આ કામની સમય મર્યાદા ૩૧ ડીસેમ્બર ૨૦૦૧ વીતી ગયેલ છે. તો ધીરુભાઈ શાહે જણાવ્યું કે હું શાહુ સાહેબ કે જેઓ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીના સચિવ છે તેઓ પાસેથી સમય લંબાવવાનો ઓર્ડર લઈ આપીશ. તમે ગાંધીનગર આવજો અને મને રૂબરૂ મળજો. બે-ચાર દિવસ બાદ ગાંધિનગર વિધાન સભાના અધ્યક્ષશ્રી ધીરૂભાઈ શાહને મળવા ગયેલ. ત્યારે કચ્છમાંથી બે-ટ્રકો ભરીને માન. શ્રી ધીરુભાઈના માણસોને એનેક્સીમાં બોલાવી રાખેલ. તેમને મલવાનું કહ્યું અને તેમના દ્વારા કામ કરાવવાનું જણાવ્યું. આ સમયે શ્રી સાહુ

સાહેબ ગુજરાત બહાર હોઈ ગાંધીનગર આવ્યા પછી સમય મર્યાદા વધારી આપવાની ખાત્રી આપેલ. આ સમયે મારી સાથે કચ્છ જીલ્લા ભા.જ.પ.ના ઉપાધ્યક્ષશ્રી જંયતીલાલ ભાનુશાલી સાથે હતા. આના બીજા દિવસે હરિલાલ નાનજી પટેલ કલેક્ટરને મળ્યા તો તેઓને કહ્યું કે અમો તો ચિઠ્ઠીના ચાકર છીએ તેથી બીજું કાંઇ કરી શકીએ નહીં તમને તમારા ગામમાં જો કામ ન કરવા દેવું હોય તો કોર્ટમાંથી સ્ટે ઓર્ડર લઈ અવો. તેથી હરિલાલ નાનજી પટેલે કોંગ્રેસમાં હાઇ કમાન્ડને આને લગતી ફરિયાદ કરી.

લોકસભા ઉપર આંતકવાદિઓના હુમલા બાદ દેશ ઉપર યુધ્ધ થાય તેવો માહોલ હતો ત્યારે વિધાન સભાના વિરોધ પક્ષના નેતાશ્રી નરેશ રાવલ કચ્છમાં બોર્ડરનું જાતે પરિક્ષણ કરવા પધાર્યા. ત્યારે કલેક્ટરે તેઓને બોર્ડર ઉપર જવાની પરવાનગી ન આપતા તેઓ બન્ને વચ્ચે ઉગ્ર ઝપાઝમી જેવું વાતાવરણ ઉભું થયું. ત્યારે નરેશ રાવલે કલેક્ટરને ધમકી આપી કે હું જોઈ લઈશ અને ભૂકંપની વરસી ટાણે અમરસિંહ ચૌધરી અને નરેશ રાવલ તથા કોંગ્રેસના અન્ય નેતાઓએ આ મુદ્દાને કચ્છમાં એટલા માટે ચગાવ્યો કે તે અરસામાં રાજકોટ વિધાનસભાની પેટા ચૂંટણી હતી આપશ્રી ઉમેદવાર હતા અને આપશ્રીને હરાવવા માટે આ મુદ્દાનો ખોટો અપપ્રચાર કરવામાં આવ્યો.

આ સમય દરમ્યાન અમારી સમાજનો ગાંધીનગર ખાતે ત્રિદશાબ્દી યુવા મહોત્સવનું આયોજન થયું. જેમાં મારી કન્વીનર તરીકેની જવાબદારી હોવાથી મારે ભારતભરનો પ્રવાસ કરવાનો થતો હતો. આ દરમિયાન મહેસુલ મંત્રી શ્રી હરેનભાઈ પંડ્યા, પંચાયત મંત્રી શ્રી રણછોડભાઈ દેસાઈ ને ધારાસભ્ય શ્રી અંજાર વાસણ ગોપાલ આહીર સાથે હું મળવા ગયેલ અને મેં કલેક્ટરશ્રીને ઉદ્દેશીને લખેલ ટપાલની એક નકલ રૂબરૂ આપેલ જેમાં અમોએ જણાવેલ કે કોઈપણ ગામમાં કાટમાળ ખસેડવામાં ક્ષતિ રહી ગયેલ હોય તો સર્વે કરાવી ફરી અમને કામ કરવા આપો અથવા રહી ગયેલ મકાનોના સંખ્યા અનુરૂપ અમારા બીલમાંથી પૈસા બાદ કરી બાકીના નાણાં ચુકવી આપો ત્યારે મહેસુલમંત્રી શ્રી હરેનભાઈ પંડ્યા એ જણાવેલ કે હાલમાં વિધાનસભામાં ઉહાપોહ છે તથા રાજકોટમાં મુખ્યમંત્રીની

ચુંટણી છે. તેથી ચુંટણી બાદ તમોને વધુ કામ માટે તારીખ લંબાવી આપીશું તથા બીજી બાકીના રહી ગયેલા તાલુકાઓનું કામ પણ સાથે આપીશું. આ સમયે વિધાનસભામાં મુદ્દો ઉઠાવ્યો હોવાથી કલેક્ટરે અમો દ્વારા કરવામાં આવેલ દરેક તાલુકાની કામગીરીનું ગેઝેટેડ રૂટ ઓફીસરો જોડે સર્વેક્ષણ કરાવ્યું. જેમાં ભુજ તાલુકાનાં કુલ ૧૫૦૦૦ ઉપરના મકાનમાંથી માત્ર ૨૬ મકાનો ઓછા ઉપાડ્યા છે તેવું ફલિત થયું છે. તેથી રૂા. ૩૯૦૦૦ નું કામ થયેલ નથી તેવું ટી.ડી.ઓ. ના પત્ર દ્વારા આ નાણાં પરત કરવા અમોને જણાવેલ. અમોએ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જણાવ્યું કે અમારુ ભુજ તાલુકાનું અંદાજિત રૂા. ૬૫ લાખ ઉપરાંતનું પેમેન્ટ બાકી છે. તો તેમાંથી રૂા. ૩૯ હજાર કાપી બાકીના અમોને ચુકવી આપો તેથી અમારી આર્થિક સંકળામણ ઓછી થાય.

એ જ રીતે અંજાર મંત વિસ્તારનું વૌધ ગામનું કામ અમોએ શરૂ કરેલ જેમાં પુરતી મશીનરી કામે લગાડેલ. કામ શરૂ કરી થોડું થયું અને ગામના ગુજરાત સરકારના પેકેજમાં જોડાવા માંગતા અગ્ર ગણીઓએ જિલ્લા વિકાસ અધિકારી (ભૂકંપ) ને રજૂઆત કરી કે અમોએ વખતોવખત ગુજરાત સરકારના સચિવશ્રીઓ તથા કલેક્ટરને મકાન નો કાટમાળ ઉપાડવા માટે મકાન દિઠ રૂા. ૨૦૦૦ આપવાની રજુઆત કરેલ છે. તથા તેઓ દ્વારા પૈસા આપશું તેવી ખાતરી આપેલ જેઓ અત્યાર સુધી અમોને બાંહેધરી આપતા હતા. ડી.ડી.ઓ (ભૂકંપે) વોધ ગામમાં જઇ ગામસભામાં રજુઆત કરી કે ગુજરાત સરકારના નવા જી.આર. મુજબ રોકડ નાણાં મકાન માલિકને આપી શકાય નહીં. સ્વૈચ્છિક સંસ્થા અથવા જે કોન્ટ્રાક્ટર છે તેમને જ આપી શકાય. તેથી ગામના અગ્રગણીઓ તેમના વિસ્તારના ધારાસભ્યશ્રી વાસણ ગોપાલ આહીર પાસે ગયેલ. ધારાસભ્યશ્રીએ ગ્રામજનોની રજુઆત સાંભળ્યા બાદ ડી.ડી.ઓ તથા કલેક્ટરને ફોન ઉપર વાત કરેલ તેથી કલેક્ટરે અમોને રૂબરૂ બોલાવી જણાવ્યુ કે વોધગામના કામ માટે તમો ગામના અગ્રણી સાથે વાણસભાઇને મળી લેશો. જેથી તેઓનો રસ્તો નીકળી શકે. કલેક્ટર તથા ડી.ડી.ઓ. ના જણાવ્યાનુસાર અંજાર ધારાસભ્યશ્રીના પેટ્રોલપંપ ઉપર હું રૂબરૂ મળવા ગયેલ. ત્યાં ગામ લોકોના પ્રતિનિધિઓની હાજરીમાં ગામના સરપંચ, ભુકંપ સહાયક ઇજનેરને ધારાસભ્યશ્રીએ

જણાવ્યું કે ગામલોકો પોતાનું રહી ગયેલ કામ જાતે ઉપાડશે. તમોને પ્રમાણપત્ર આપી દેવામાં આવશે. તમારે આ ગામનું પેમેન્ટ તેઓને આપવા માટે તમો મને મોકલાવી આપશો. જેનો સેલ્ફનો ચેક અમોએ વાસણભાઇ આહીરને આપી દીધો હતો. આ ચેકના નાણાં વાસણભાઇ આહીરે વોંધ ગામના કેટલાક નાગરીકોને ચૂકવી આપ્યા જ્યારે કેટલાકને ન મળતાં આ ગામમાં ફરિયાદ થઇ. આ સમયે જિલ્લા ભાજપના અધ્યક્ષ શ્રી દિલીપભાઇ ત્રિવેદીએ મને ફોન ઉપર તથા તેમની ઓફીસ ઉપર બોલાવી જણાવેલ કે મારી માનનીય મુખ્યમંત્રી સાથે વાતચીત થઇ ગયેલ છે કે તમારા થઇ ગયેલ આગળના કામો તથા બાકી રહેતા કામોનો વર્ક ઓર્ડર કાયદેસર સરકારી ધોરણે બનાવી આપીએ પણ સામે તમો બે વિધાનસભામાં થનાર ખર્ચના નાણાં અમોને ચૂકવી આપો. ત્યારે મેં જણાવેલ કે અમો રૂબરૂ માનનીયશ્રી મુખ્યમંત્રીશ્રીને મળી લઇશું. આ સમયે જ સાબરમતી ટ્રેનને ગોધરા ખાતે રામસેવક ઉપર હુમલો કરી સળગાવવામાં આવ્યા. તેથી સમગ્ર ગુજરાતમાં હુલ્લડો ફાટી નીકળ્યા. આ દરમ્યાન ઘણા પત્રકારો, દુરદર્શન વાળાઓ આ બાબતે માહિતી મેળવવા પુછપરછ કરવા આવ્યા હતા પરંતુ આજ સુધી મેં આ બાબતની કોઇપણ માહિતી પક્ષના એક કાર્યકર તરીકે કોઇને આપેલ નથી. તોફાનો દરમ્યાન ગુજરાતમાં દેશભરના સુડોસેક્યુલર કહેવાતા દંભી બીનસંપ્રદાયીક (સેક્યુલર) મીડીયાનો અપપ્રચાર વખતે આપની સરકાર ટકવી જરૂરી હતી તે માટે મેં ક્યાંય પણ એક પણ શબ્દ ઉચ્ચાર્યો નથી. આ પ્રથમ વાર આપની સમક્ષ સમગ્ર હકીકત રજુ કરી રહ્યો છું. ઘરનો ઝગડો ઘરમાં રહે. ખાનદાનની આબરૂ પડદાની અંદર રહે તેમાંજ સૌની ભલાઇ છે. મે મારૂ ખાનદાન આજે છોડ્યુ નથી. આપ ...... આજે સમય છે .... ખુરશી રાજારામ – રાવણ કે સિકંદરની પણ નહોતી રહી. આપની ....

ઉપરોક્ત સમગ્ર હકીક્ત તદ્દન સત્ય અને વ્યાજબી છે. સમગ્ર કામગીરી મેં મારી પુરી નિષ્ઠાથી પુરી કરવા પ્રયત્ન કરેલ છે. મેં કયાંય નાણાં કમાઇ લેવાનો પ્રયત્ન કર્યો જ નથી.

આપશ્રી જાણો છો તેમ આ કામમાં હું તથા કોઠારી કન્સ્ટ્રક્શન કંપની સરખા હિસ્સાના ભાગીદાર હતા. સમગ્ર કામપેટે ૧૦ કરોડ રૂા. ચુકવવામાં આવેલ છે. મારા હિસ્સે

૫ કરોડ રૂા. આવેલ છે. જેમાંથી મેં મશીનરીવાળા તથા પેટા કોન્ટ્રાક્ટરોનું પેમેન્ટ ચુકવી દીધેલ છે. મારી ઉપર આજે જે આક્ષેપો થઇ રહ્યા છે. ત્યારે હું મારી જે સામાજિક જવાબદારીઓ હતી અને હાલ તે જવાબદારીઓથી વિમુક્ત છું તે અંગે કેટલીક હકીકતો રજૂ કરું છુ. (૧) શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘનો પ્રમુખ (૨) કચ્છ કડવા પાટીદાર સમાજની ભૂકંપ રાહત સમિતિનો ટ્રસ્ટી (૩) કચ્છ કડવા પાટીદાર સમાજનો કારોબારી સભ્ય, (૪) વૈદિક મિશન ટ્રસ્ટ પ્રાસલા, કામધેનું ગૌશાલા ટ્રસ્ટ, પ્રાંસલાનો ઉપપ્રમુખ, (૫) આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ રોજડ વાનપ્રસ્થ શાધક આશ્રમ, દર્શન શાસ્ત્ર વિશ્વ વિદ્યાલય દ્વારા ચાલતી ક્રિયાત્મક યોગાભ્યાસ અભિયાનનો સદશ્ય, (૬) કચ્છ જિલ્લા વૈદિક પ્રચાર ટ્રસ્ટનો માર્ગદર્શક (૭) નખત્રાણા, માનુકવા, ગૌશાળા, સંચાલક (૮) આર્ય સમાજ ગાંધીધામ નખત્રાણા માનકુવા ફાઉન્ડર મેમ્બર (૯) કચ્છ જિલ્લા શ્રી રામનાથ જપયજ્ઞ સમિતિના પ્રમુખ (૧૦) માનવ ધર્મ સેવાન્યાસ ના પ્રમુખ તરીકે મારી ફરજ બજાવેલી છે. આ ઉપરાંત કચ્છમાં ભૂકંપના પુનવર્સન માટે બી.એ.પી.એસ. (બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સંસ્થા) એ જે ગામો દત્તક લીધાં તેમાં મોટાભાગનાં ગામોમાં મધ્યસ્થી તરીકે રહેલો છું. ઉપરોક્ત બધીજ સંસ્થાઓમાં મેં નિ:શુલ્ક સેવાઓ આપેલ છે. હાલમાં બધાથી મુક્ત છું. તદ્ઉપરાંત જ્યાં પણ જરૂર પડી ત્યાં આર્થિક સહયોગ પણ આપલે છે. ઉપરોક્ત સંસ્થા તથા રાષ્ટ્રભક્તિ મારા માટે અણમોલ છે. આ પાંચ કરોડ કરતા અનેક ઘણી વિશેષ કિંમત છે. કર્તવ્ય – ભલાઇ – ભલાઇ માં મારાથી આપ અને આપની સરકારનો વિશ્વાસ કરવાની ભૂલ થઇ તેની ઘણી સજા ભોગવી પાયમાલ થઈ ગયેલ છું. ઘરના બધા લોકો તથા આ કામ સાથે સંકળાયેલ સૌ નિરદોર્ષ પરિવારો તરફ આગળ માટે વિચારજો જેથી આપની શક્તિનો ગુણાકાર થશે.

અગાઉની મારી કામગીરી જોતાં આપશ્રીને જણાશે કે હું એક અદનો આદમી છું. મારી કંપનીનો કર્તા હર્તા હું એકલો જ હતો. જ્યાં પણ કામ કર્યું ત્યાં મને અનેકવાર આર્થિક રીતે નુકાશાન થયેલું છે. મેં ક્યારે પણ પૈસા કમાઇ લેવાની ભાવના રાખેલ નથી. પૈસાએ મારા જીવનનો ક્યારે પણ ઉદેશ રહ્યો નથી. મેં જે પણ કમાણી કરેલ છે તેમાંથી મેં

મારા મિત્રો કુટુંબીજનો સમાજમાં દુ:ખિયારાં કુટુંબોને આગળ લાવવાના પ્રયત્નો કરેલ છે. મેં ક્યારે પણ પાછળ વાળીને જોયું નથી. ભૂકંપને કારણે મારા છોડેલા બધા કામોના કરોડો રૂા. ના લેણા બાકી નીકળતા હોવા છતાં એકલો હોવાથી ઉઘરાણી કરી શક્યો નથી. આ તબક્કે આપશ્રીને મારી નમ્ર અરજ છે કે તમો મારી ઉપરોક્ત સંસ્થાઓમાં જે કામગારી છે તેને મુલવશો તો આપને જણાશેકે ગુજરાતના એક પછાત જિલ્લમાં એક ગરીબ કુટુંબમા હું જે સંસ્કાર મેળવી મોટો થયો છું. હું ક્યારે પણ મારા ભૂતકાળને ભૂલી શક્યો નથી. મેં મારો જન્મ એ સમાજ / દેશ સેવા માટે જન્યોછાવર કરેલ છે. મેં જો માત્ર પૈસાને જ જિંદગીમાં મહત્વ આપ્યું હોત તો આજે હું જે સંસ્થાઓમાં કાર્યરત છું. ત્યાં ક્યારે પણ પહોંચી શક્યો ન હોત. મેં સામાજિક વિકાસ, શૈક્ષણિક વિકાસ, દેશ વિકાસ, ધાર્મિક વિકાસમાં મારુ યોગદાન આપેલ છે. તેનાથી પણ હજુ વધુ યોગદાન આપવા આજે તત્પર છું. મેં મારી જીવનકાળ દરમ્યાન ક્યારે પણ એવી રાષ્ટ્ર વિરૂધ્ધની પ્રવૃત્તિ કરવાનું વિચાર્યું નથી. રાષ્ટ્ર વિરોધીઓને ઉઘાડા પાડવમાં હું માનનારો છું. દેશના ગદ્દારોને સીધા કરવામાં હું માનવાવાળો છું. મારા વિશે તમે કચ્છમાં કોઇપણ અદના વ્યક્તિને પુછી શકો છો.

કચ્છમાં એ.સી.બી. દ્વારા તલાટીઓના નિવેદનોનો આધારમાની આ કામગીરીમાં સંકળાયેલ એજન્સી તથા સરકારી અમલદારો ઉપર જે એફ.આઇ.આર. ફાડવામાં આવેલ છે તે બિલકુલ વ્યાજબી નથી. આ કામમા શાળાના પ્રિન્સીપાલો, ઇજનેરો, સરપંચો, વહીવટી અધિકારીઓ તેમજ અન્ય ખરેખર નિર્દોષ છે. આ સમય દરમ્યાન સંજોગો એવા આવ્યા કે જેની બધાને ગુનેગાર બનાવ્યા પરંતુ વાસ્તવિક્તા આનાથી તદ્દન વિરૂધ્ધની છે.

આજે કદાચ મારા ઉપર આક્ષેપો કરવામાં આવેલ છે. તેમાં આપ મને દોષિત માનતા હશો પરંતુ સત્ય હંમેશા ગમે ત્યારે સામે આવતુ જ હોય છે હું ગીતામાં માનનારો વ્યક્તિ છું. કોઇપણ ફળની ઇચ્છા રાખ્યા સિવાય કર્મ કરવાનું મારું જીવનમંત્ર છે. મેં ક્યારેય પણ ફળની ઇચ્છા નથી રાખી અને આવનાર દિવસોમાં પણ નહીં રાખું એવી આપને ચોક્કસ હૈયાદારણ

~~ઇચ્છા નથી રાખી અને આવનાર દિવસોમાં પણ નહીં રાખું એવી આપને ચોક્કસ~~ હૈયાદારણ આપું છું. મે હદયના જે શુધ્ધભાવથી આપની સમક્ષ મારી વાત મુકી છે તે જ શુધ્ધભાવથી ગ્રહણ કરવા પ્રાર્થના.

આપ અવશ્ય આ બાબતેવિચારી મારા આક્ષેપ સામેની વાસ્તવિક્તાને સમજવાનો પ્રયત્ન કરશો અને સૌને ન્યાય અપાવવા મહેરબાની કરશો એ જ અભ્યર્થના સહ,

આપનો વિશ્વાસુ,

(પ્રેમજી બી. કેશરાણીના
સપ્રેમ ઘટીત)

પ્રેમજીભાઈ બી. કેસરાણી
આદર્શ કોન્ટ્રેક્ટસ કંપની
અમદાવાદ

તા. ૨૫-૧૦-૨૦૦૪.

પ્રતિ,
માનનીય શ્રીનરેન્દ્રભાઈ મોદી
મુખ્યમંત્રીશ્રી
ગુજરાત રાજ્ય
ગાંધીનગર

નમસ્કાર.

"નૂતન વર્ષાભિનંદન"

જયભારત સાથે જણાવવાનું કે કચ્છમાં આવેલ ભૂકંપના આશરે ત્રાણ વર્ષ જેટલો સમય વીતી ગયેલ છે. મારી તેમજ બીજા હજારો વ્યક્તિઓ વિરુધ્ધ કાવતરું કરીને કચ્છના જુદા જુદા તાલુકાઓમાંથી સરકારી અધિકારીઓ સાથે મેળાપીપણું કરી મેં સરકારી તિજોરીમાંથી ગુનાહિત વિશ્વાસઘાત કરી કુલ રૂપિયા દશ કરોડ જેટલી રકમ મેળવેલ છે તેવી ફરિયાદો મારી તથા મારા ભાગીદાર કોઠારી વિરુધ્ધ દાખલ થયેલ છે.

તમામ સરકારી કાર્યવાહી પૂર્ણ થયા બાદ તેમજ જરૂરી દસ્તાવેજો અને થયેલ કામના પ્રમાણપત્રો મેળવ્યા બાદ સરકારી કર્મચારીઓની તપાસણી બાદ મને મારા કામ કર્યા બદલની રકમ મળેલ છે તે પૈકી પૂર્ણ થયેલ કામોમાં પણ લેણી રકમ મારી હજી સરકારશ્રી પાસે બાકી રહેલ છે. મારી સામે થયેલ ફરિયાદો બાબતે સંબંધિત કલેક્ટરશ્રી દ્વારા તપાસ કરવામાં આવેલ છે તેમાં પણ મને નિર્દોષ જાહેર કરવામાં આવેલ છે. આ અંગેની તમામ હકીકતો દર્શાવતા પત્રો તારીખ ૧૫.૧૦.૨૦૦૩ તથા ૨૬.૨.૨૦૦૩ના રોજ આપશ્રીને લખેલ છે.

હું આશા રાખું છું કે આપે કામની વ્યસ્તતામાં પણ તે પત્રોની માહિતી ઉપર નજર ફેરવી હશે જ. માટે મારી કામગીરી, સત્યતા અને કાર્યકર હોવાની ઓળખ આપશ્રીને બતાવવી પડે તે મને હવે દયનીય તેમજ શરમજનક લાગે છે. મને એક માત્ર માનનીય આપશ્રી, માનનીય ડૉ. પ્રવિણભાઈ અને માનનીય શ્રીઅરવિંદભાઈ દ્વારા મળેલ ભરોસાના આધારે જ મેં આજદિન સુધી કોઈ કાયદેસરની કાર્યવાહી કરવાની પ્રક્રિયા કરેલ નથી કે કોઈપણ જાતની માહિતીનો ઉલ્લેખ કરેલ નથી. એકમાત્ર આપ લોકોના ભરોસા અને વિશ્વાસ હોવાના કારણે હું નિર્દોષ હોવા છતાં અને એક સાચા કાર્યકર તરીકેની જવાબદારી સમજીને હું છેલ્લા ત્રાણ વર્ષથી મારા પરિવારથી અલિપ્ત રહેલ છું અને એક ગુનેગારની માફક નાસતો ફરતો રહેવાનું નિર્દોષ હોવા છતાં મારા નસીબમાં આવી પડેલ છે. આપશ્રીને વિશેષ કંઈ નહિ લખતાં આપ મારાથી, મારી

ભાવનાઓથી અને મારા કર્મથી છેલ્લા પંદર વર્ષથી પૂર્ણપાણે નખશિખ પરિચિત્ત છો તેમજ મારા માટે આપને ભલામાણ કરનારી વ્યક્તિઓ પાણ રાષ્ટ્રને સમર્પિત થનારી અને મને સંપૂર્ણપાણે જાણનારી તથા ઓળખનારી તેમજ તેઓ મારી તમામ માહિતી અને કાર્યથી રજેરજ માહિતગાર છે. મારી ઉપર થયેલા કેસના ખુલાસા બાબતની હકીકતો વારંવાર પુનરાવર્તન ન થાય તે માટે આ પત્રમાં કોઈ જ બાબત લખેલ નથી. પરંતુ એક સાચા કાર્યકરને ન્યાય ન મળે પરંતુ અન્યાય ન થાય તેવું જોવા માટે દંડવત્ પ્રાણામ સાથે વિનંતી કરું છું અને અગાઉના બે પત્રોની ઝેરોક્ષ નકલ (ફક્ત માહિતીની જરૂરિયાત માટે) આપશ્રીને આ સાથે મોકલેલ છે. તેમજ મારી વિરુધ્ધ કોઈપાણ બાબતમાં કોઈપાણ શંકા ઉપસ્થિત થાય તો મને રૂબરૂમાં બોલાવવામાં આવ્યેથી હું તેનું નિરાકરાણ લાવીશ તેવી ચોક્કસ ખાતરી આપું છું.

ન્યાયની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

(પ્રેમજી બી. કેસરાણી)

૬૨૧૫. 30 14

2
ધરતીકંપ -૨૦૦૧

ANNEXURE "A"

ધરતીકંપ માં સંપૂર્ણ ના પામેલ
કાચા-પાકા મકાનોના કાટમાળ દુર કરવા
માટે સહાય નકકી કરવા બાબત.

ગુજરાત રાજય
મહેસુલવિભાગ
ઠરાવ ક્રમાંક : ભકપ-૧૬૨૦૦૧ ૩૬૧૪ સ ૬
સચિવાલય
ગાંધીનગર
તારીખ ૨૨-૧૧-૨૦૦૧

સંદર્ભ :

(૧)મ.વિ.ના.તા.૨૩-૨-૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક સીએલએસ-૧૬૨૦૦૧-૨૧૪-(૬)સ-૩
(૨)મ.વિ.ના.તા.૧૪-૨-૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક સીએલએસ-૧૬૨૦૦૧-૨૧૪-(૬)સ-૩
(૩)મ.વિ.ના.તા.૨૭-૨-૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક સીએલએસ-૧૬૨૦૦૧-૧૨૦૮-(૬)સ-૩

આમુખ

રાજયમાં તારીખ : ૨૬-૧-૨૦૦૧ ના રોજ આવેલ વિનાશક ધરતીકંપ ના કારણે ખુબ મોટી સંખ્યા કાચા-પાકા મકાનો અને ઝૂંપડાઓ અપૂર્ણ પણે નાશ પામ્યા છે. સંપૂર્ણ પણે નાશ પામેલા મકાનો અને ઝૂપડાંઓનો કાટમાળ ખસેડવા માટેની કામગીરી રાજય સરકાર અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ ની મશીનરી દ્વારા કરાવવા ઉપરાંત કાટમાળ ખસેડવાની કામગીરીમાં વેગ લાવી શકાય તે હેતુ થી ધરતીકંપ અન્વયે કાટમાળ ખસેડવાની કામગીરી અછત કામગીરી તરીકે લઇ દરેક અસરગ્રસ્ત મકાન દીઠ લાભાર્થી ને રુપીયા ૪૦ પ્રતિ દિન ના દરે ૫૦ માનવ દિન લેખે રુપીયા બે હજાર મજૂરી તરીકે ચૂકવી કાટમાળ ખસેડવાની કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ તારીખ ૩૦-૯-૨૦૦૧ થી રાજયમાં અછત ની પરિસ્થિતી પુર્ણ થઇ છે. કાટમાળ દુર કરવાની અછત રાહત કામ તરીકે અત્યાર સુધીમાં ૭૭ કામો પુર્ણ થયા છે. ગ્રામ્ય વિસ્તાર અને નગર પંચાયત ના વિસ્તારોમાં અછત ગ્રસ્તો દ્વારા પોતાને ઉપયોગી હોય તેવી સામગ્રી અને કિમતી કાટમાળ ઉપાડી લીધા પછી હજુ પણ મોટી સંખ્યામાં કાટમાળ દુર કરવાનો બાકી રહે છે. સદર કામગીરી સત્વરે પુર્ણ થાય તે ખુબજ જરુરી છે. પ્રસ્તુત બાબતે રાજય સરકાર દ્વારા પુનઃ વિચારણા કરી તીવ્ર અસરગ્રસ્ત જાહરે કરવામાં આવેલ તાલકાઓનાં ગ્રામ્ય વિસ્તાર અને નગર પંચાયત ના વિસ્તારોમાંથી ધરતીકંપ અન્વયે સંપુર્ણ પણે નાશ પામેલ મકાનોનો કાટમાળ દુર કરવા માટે નીચેમુજબ ની કામગીરી કરાવવાનું આથી ઠરાવવામાં આવે છે.

ઠરાવ

ધરતીકંપ થી તીવ્ર અસરગ્રસ્ત તરીકે જાહેર કરવામાં આવેલા તાલુકા ઓ ના વિસ્તારોમાં સંપુર્ણ પણે નાશ પામેલા મકાનોની સંખ્યા ૫૦ કે તેથી વધુ હોય તો તેવા ગામા ને નગરોમાં ભુકંપ અન્વયે સંપુર્ણ નાશ પામેલા મકાનોનાં કાટમાળ ઉપાડી યોગ્ય નિયત જગ્યાએ કાટમાળ નાખવા સહીત કાટમાળ દુર કરવા માટે દરે મકાન દીઠ થયેલ ખર્ચ ને મર્યાદામાં રુપીયા ૧૫૦૦ અંકે રુપીયા એક હજાર પાંચસો પુરાની સહાય નીચે દર્શાવેલ શરતો એ ચુકવવાની રહેશે.

TRUE COPY
Advocate
ADVOCATE

31 15

(૧)ધરતીકંપ થી તીવ્ર અસરગ્રસ્ત તરીકે જાહેર કરવામાં આવેલા તાલુકાઓ ના વિસ્તારોમાં ૫૦ કે તેથીવધુ કાચા -પાકા મકાનો સંપણુપણે નાશ પામેલ હોય તેવા ગામ નગર - પંચાયતોના વિસ્તારોને આ સહાય મળવા પાત્ર થશે.

(૨)આયોજના નું અમલીકરણ જે જીલ્લામાં ડી પી ઇ પી અમલમાં છે તે જીલ્લામાં જો ગ્રામ્ય શિક્ષણ બાંધકામ સમિતિ - સ્વૈચ્છિક સસ્થા અસ્તીત્વમાં હોય ત્યાં તેમના મારફતે કરાવવામાં આવશે જયાં ગ્રામ્ય શિક્ષણ બાંધકામ સમિતિ સ્વૈચ્છિક સંસ્થા અસ્તીત્વમાં ન હોય ત્યાં ગ્રામ પંચાયત મારફતે તેનુ અમલી કરણ કરાવવાનું રહેશે.

(૩)આ યોજનાના અમલીકરણ માટે દરેક ગ્રામ પંચાયત -ગ્રામ્ય શિક્ષણ બાંધકામ સમિતિ -સ્વૈચ્છિક સંસ્થાને મળવા પાત્ર કુલ ખર્ચ ના ૯૦ ટકા રકમ પ્રથમ તબકકે એડવાન્સ તરીકે ચુકવવાના રેહેશ. બાકી ની રકમ કાટમાળ ખસેડવાનું કામ પુર્ણ થયેથી ચુકવવામાં આવશે. ચુકવવાની થતી સહાય થયેલ ખર્ચ ની મર્યાદામાં ચુકવવાની રેહશે. ગ્રામ પંચાયત -ગ્રામ્ય શિક્ષણ બાંધકામ સમિતિ -સ્વૈચ્છિક સંસ્થા ગ્રામ પંચાયતે મકાનો ના કાટમાળ કેટલેદુર અને કઇ જગ્યાએ નાંખવાના છે તે જગ્યા નિયત કરવાની રહેશે. આ નકકી કરેલી રકમ ની મદદથી જ દરેક મકાન દીઠ જેટલાં પણ કાટમાળ હોય તે સંપૂર્ણ પણે દુર કરવાનો રેહશે. પછી તે મકાનોનો જથ્થો ગમેતેટલો હોય તેમાં ગમે તેટલો વધારાનો ખર્ચ થાય તેની જવાબદારી જેતે મકાન માલીક અથવા ગ્રામ પંચાયત -ગ્રામ્ય શિક્ષણ બાંધકામ સમિતિ -ગ્રામ પંચાયત ની રહેશે. સમિતિ - સ્વૈચ્છિક સંસ્થા- ગ્રામ પંચાયત દરેક મકાન દીઠ કાટમાળ દુર કર્યા અંગેનુ પ્રમાણપત્ર પણ આપવાનું રેહશે.

(૪) દરેક ગ્રામ પંચાયત -ગ્રામ્ય શિક્ષણ બાંધકામ સમિતિ -સ્વૈચ્છિક સંસ્થા - ગ્રામ પંચાયત પોતાના વિસ્તાર માંથી સંપુર્ણ નાશ પામેલ મકાનોનો કાટમાળ દુર કરવા માટે ટ્રક, ટ્રેકટર, ડમ્પર, વગેરે જેવા સાધનો ભાડે રાખી કાટ માળ દુર કરવાની પધ્ધતિ પોતાની રીતે નકકી કરી શકશે. તેમજ થયેલ કામ અને ખર્ચ ના વિગત વાર હિસાબો જાળવવાના રેહશે.

(૫) આ યોજના ના અમલીકરણ અને દેખરેખ સહીત ની સમગ્ર કામગીરી જીલ્લા કલેકટર - જીલ્લા વિકાસ અધીકારીશ્રીઓ એ સંભાળવાની રેહશે. તથા આ યોજના સન્વયે થયેલ કામગીરીની પ્રગતિની અઠવાડીક માહીતી મહેસુલ વિભાગ રાહત નિયામકશ્રી, અને ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ ની કચેરી ના મોકલાવવાની રેહશે. તેમજ જરુર પડે ઓડીટ વગેરે હેતુ માટે રજુ કરવા ના રેહશે.

(૬) આ યોજના હેઠળ સંપુર્ણ નાશ પામેલા કાચા -પાકા મકાનો માટે જ સહાય મળવા પાત્ર થશે જેઓ ના ઝુપડા સંપુર્ણ નાશ પામ્યા છે તેઓને કાટમાળ દુરે કરવા માટેની સહાય મળવા પાત્ર થશે નહી.

(૭) આ મળવા પાત્ર સહાય માંથી ગ્રામ પંચાયત -ગ્રામ્ય શિક્ષણ બાંધકામ સમિતિ -સ્વૈચ્છિક સંસ્થા -ગ્રામ પંચાયતે સમગ્ર ગામ -નગર વિસ્તાર માંથી કાટમાળ પુરેપુરો દુર કરવાનો રેહશે.

(૮) આ યોજના તારીખ ૩૧-૧૨-૨૦૦૧ સુધીઅમલામાં રેહશે.

(૨)............... આ અંગે નો ખર્ચ મુખ્ય સદર :૨૨૪૫-કુદરતી આફતો અંગે રાહત (૨)પુર અને વાવાઝોડા સદર હેઠળ મંજુર થયેલ બજેટ જોગવાઇમાંથી મેળવવાનો રેહશે.

(૩)............... આ અંગે નો ખર્ચ કુદરતી આફતો અંગેની બજેટ જોગવાઇ માંથી ફાળવવામાં તે દરમ્યાન દરેક જીલ્લા કલેકટર - જીલ્લા વિકાસ અધિકારીઓ પાસે ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ ની ફાળવેલ અને જમા રહેલ રકમ માંથી કરવાનો રેહશે. સંબંધિત જીલ્લા તરફથી આ હેતુ માટે જરુરી રકમ ની માંગણી થયેથી અને તે રકમ સંબંધિત જીલ્લા ને ફાળવણી થયેથી ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ ની ગ્રાન્ટ સામે સરભર કરવાની - પરત

TRUE COPY

ADVOCATE

કરવાની રેહશે.

(૮)..................આ હુકમો આ વિભાગ ની સમાન ફાઇલ ઉપર ના.વિ. ની તા.૨૦-૧૧-૨૦૦૧ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે કરવામાં આવે છે.
ગુજરાત રાજયના રાજયપાલ શ્રીના હુકમથી અને તેમના નામે.

સંહી
એસડી-
ઉપસચિવ
મહેસુલ વિભાગ -ગુજરાત રાજય

પ્રતિ
માનનીય રાજયપાલશ્રી ના સચિવશ્રી ગાંધીનગર
માનનીય મુખ્ય મંત્રીશ્રી ના અગ્રસચિવશ્રી ગાંધીનગર
માનનીય મંત્રીશ્રી રા.ક. મંત્રીશ્રી -માનનીય નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
મુખ્ય સચિવશ્રી ના અંગત સચિવશ્રી સચિવાલય ગાંધીનગર
અધિક મુખ્યસચિવશ્રી સામાન્ય વહીવટ વિભાગ-પુન: વસવાટ અને પુન:નિર્માણ
સચિવાલય ગાંધીનગર
અગ્રસચિવશ્રી મહેસુલ વિભાગ સચિવાલય ગાંધીનગર
અગ્રસચિવશ્રી નાણા વિભાગ સચિવાલય ગાંધીનગર
સચિવાલય ના તમામ વિભાગો
એ.જી. અમદાવાદ-રાજકોટ
રાહત નિયામકશ્રી (ભુકંપ) મહેસુલ વિભાગ
સચિવાલય ગાંધીનગર
તમામ જીલ્લા કલેકટરશ્રી - જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
તમામ અધિક જીલ્લા કલેકટરશ્રીઓ -અધિક વિકાસ જીલ્લા
અધિકારીશ્રીઓ
મુખ્ય કા.ઓ.શ્રી કચ્છ જીલ્લો ભુજ
મુખ્ય કારોબારી અધિકારીશ્રી ગુ.રા.વ.સત્તામંડળ ગાંધીનગર
સ ૭-સ ૮-સ ૪ શાખ મહેસુલ વિભાગ સચિવાલય ગાંધીનગર
સિલેકટ ફાઇલ

TRUE COPY

ADVOCATE

૪૨૧૫.

ધરતીકંપમાં સંપૂર્ણ નાશ પામેલ કાચા/પાકા મકાનોના કાટમાળ દૂર કરવા માટે મજૂરીના દર નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
ઠરાવ ક્રમાંક :– ભકપ–૧૬૨૦૦૧–૧૯૧૧(૧)–સ-૬
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૧/૧૧/૨૦૦૧.

સંદર્ભ:–

(૧) મ.વિ. ના તા. ૨૩/૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક : રાહેલઅેસ–૧૬૨૦૦૧ ૨૧૪(૬)સ–૩
(૨) મ.વિ. ના તા.૧૪/૩/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક: રાહેલઅેસ–૧૬૨૦૦૧ ૨૧૪(૬)સ–૩
(૩) મ.વિ.ના તા.૨૭/૩/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક:રાહેલઅેસ૧૬૨૦૦૧ ૧૨૦૮ સ–૩

આમુખ

રાજ્યમાં તા. ૨૬/૧/૨૦૦૧ ના રોજ આવેલ વિનાશક ધરતીકંપ ના કારણે ખૂબ મોટા સંખ્યામાં કાચા/ પાકા મકાનો અને ઝૂપડાઓ સંપૂર્ણ પણે નાશ પામ્યા છે. સંપૂર્ણપણે નાશ પામેલા મકાનો અને ઝૂપડાઓનો કાટમાળ ખસેડવા માટેની કામગીરી રાજ્ય સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓની મશીનરી દ્વારા કરાવવા ઉપરાંત કાટમાળ ખસેડવાના કામગારોમાં વેગ લાવી શકાય તે હેતુથી ધરતીકંપ અન્વયે કાટમાળ ખસેડવાની અછત કામગીરી તરીકે લઈ દરેક અસરગ્રસ્ત મકાન દીઠ લાભાર્થીને રૂ.૪૦ પ્રતિ દિનના દરે ૫૦ માનવ દિન લેખે રૂ.૨૦૦૦ મજૂરી તરીકે ચુકવી કાટમાળ ખસેડવાની કામગીરી કરવાનું નક્કી કરવામાં આવેલ તા.૩૦/૯/૨૦૦૧ થી રાજ્યમાં અછતની પરિસ્થિતિ પૂર્ણ થઈ છે. કાટમાળ દુર કરવાની અછત રાહત કામ તરીકે અત્યાર સુધીમાં ૭૭ કામો પૂર્ણ થયા છે. ગ્રામ્ય વિસ્તાર અને નગર પંચાયતના વિસ્તારોમાં અસરગ્રસ્તો દ્વારા પોતાને ઉપયોગી હોય તેવી સામગ્રી અને કિંમતી કાટમાળ ઉપાડી લીધા પછી હજુ પણ મોટી સંખ્યામાં કાટમાળ દુર કરવાનો બાકી રહે છે. સદર કામગીરી સત્વરે પૂર્ણ થાય તે ખુબજ જરૂરી છે. પ્રસ્તુત બાબતે રાજ્ય સરકાર દ્વારા પુન: વિચારણા કરી તીવ્ર અસરગ્રસ્ત જાહેર કરવામાં આવેલ તાલુકાઓના ગ્રામ્ય વિસ્તાર અને નગર પંચાયતના વિસ્તારોમાંથી ધરતીકંપ અન્વયે સંપૂર્ણ પણે નાશ પામેલ મકાનોના કાટમાળ દુર કરવા માટે નીચે મુજબની કામગીરી કરાવવાનું આથી કરાવવામાં આવે છે.

ઠરાવ

ધરતીકંપથી તીવ્ર અસરગ્રસ્ત તરીકે જાહેર કરવામાં આવેલા તાલુકાઓના વિસ્તારોમાં સંપૂર્ણ પણે નાશ પામેલા મકાનોની સંખ્યા ૫૦ કે તેથી વધુ હોય તો તેવા ગામો / નગરોમાં ભૂકંપ અન્વયે સંપૂર્ણ નાશ પામેલા મકાનોનો કાટમાળ ઉપાડી યોગ્ય/નિયત જગ્યાએ કાટમાળ નાખવા સહિત કાટમાળ દુર કરવા માટે દરેક મકાન દીઠ નીચેના મર્યાદામાં રૂ.૧૫૦૦/-- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) ની સહાય મજૂરીના હિસ્સા તરીકે નીચે દર્શાવેલ શરતોએ ચુકવવાની રહેશે.

(૧) ધરતીકંપથી તીવ્ર અસરગ્રસ્ત તરીકે જાહેર કરવામાં [illegible] [illegible] કાચા / પાકા મકાનો સંપૂર્ણપણે નાશ પામેલ હોય [illegible] [illegible]

(૨) આ યોજનાનું અમલીકરણ જે જીલ્લામાં ડી.પી.ઈ.પી. અમલમાં છે તે જીલ્લામાં જો ગ્રામ્ય શિક્ષણ બાંધકામ સમિતિ / સ્વૈચ્છિક સંસ્થા અસ્તિત્વમાં હોય ત્યાં તેમના મારફતે કરાવવામાં આવશે. જયાં ગ્રામ્ય શિક્ષણ બાંધકામ સમિતિ / સ્વૈચ્છિક સંસ્થા અસ્તિત્વમાં ન હોય ત્યાં ગામ પંચાયત મારફતે તેનું અમલીકરણ કરાવવાનું રહેશે.

(૩) આ યોજનાના અમલીકરણ માટે દરેક ગ્રામ્ય પંચાયત / ગ્રામ્ય શિક્ષણ બાંધકામ સમિતિ / સ્વૈચ્છિક સંસ્થાને મળવાપાત્ર કુલખર્ચના ૯૦% રકમ પ્રથમ તબક્કે એડવાન્સ તરીકે ચુકવવાના રહેશે બાકીની રકમ કાટમાળ ખસેડવાનું કામ પૂર્ણ થયેથી ચુકવવામાં આવશે. ચૂકવવાની થતી સહાય થયેલ ખર્ચની મર્યાદામાં ચૂકવવાની રહેશે ગ્રામ શિક્ષણ બાંધકામ સમિતિ/ સ્વૈચ્છિક સંસ્થા ગ્રામ પંચાયતએ મકાનોના કાટમાળ કેટલે દુર અને કઈ જગ્યાએ નાખવાના છે. તે જગ્યા નિયત કરવાની રહેશે . આ નકકી કરેલી રકમની મદદથી દરેક મકાન દીઠ જેટલો પણ કાટમાળ હોય તે સંપૂર્ણ પણે દુર કરવાનો રહેશે પછી તે મકાનનો જથ્થો ગમે તેટલો હોય તેમાં ગમે તેટલો વધારાનો ખર્ચ થાય તેની જવાબદારી જે તે મકાન/ અથવા ગ્રામ શિક્ષણ બાંધકામ સમિતિ / ગ્રામ પંચાયતે/દરેક મકાન દીઠ કાટમાળ દુર કર્યા અંગેનું પ્રમાણપત્ર પણ આપવાનું રહેશે. [illegible]

(૪) દરેક ગ્રામ્ય શિક્ષણ બાંધકામ સમિતિ / સ્વૈચ્છિક સંસ્થા / ગ્રામ્ય પંચાયત પોતાના વિસ્તારમાંથી સંપૂર્ણનાશ પામેલ મકાનોનો કાટમાળ દુર કરવા માટે ટ્રક, ટ્રેકટર, ડંમ્પર વગેરે જેવા સાધનો ભાડે રાખી કાટમાળ દુર કરવાની પધ્ધતિ પોતાની રીતે નકકી કરી શકશે. તેમજ થયેલ કામ અને ખર્ચના વિગતવાર હિસાબો જાળવવાના રહેશે. [illegible]

(૫) આ યોજનાના અમલીકરણ અને દેખરેખ સહિતની સમગ્ર કામગીરી જીલ્લા કલેકટર / જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ સંભાળવાની રહેશે તથા આ યોજના અન્વયે થયેલ કામગીરીની પ્રગતિની અઠવાડીક માહિતી – મહેસુલ વિભાગ, રાહત નિયામકશ્રી અને ગુ.રા. આપતિ વ્યવસ્થાપન સત્તા મંડળની કચેરીને મોકલવાની રહેશે.

